# સહજ-સત્સંગ

Year : 2 Issue : 23 Dt. 01-12-2014 Page - 52 માસિક



## સંન્યાસાશ્રમ



## મા મીરાંબિકા

Never think of difficulty -
You give it strength.

- The Mother

## મુશ્કેલીનો વિચાર ન કરો

મુશ્કેલીઓથી ભર્યું, જીવન સમગ્ર માનવતણું,
તો શા માટે તેને મહત્ત્વ દો, અવગણતા રહો સસ્મિત મુખે,
તેની ઉપર ધ્યાન દેશો તો, તે વધુ ઘેરી બને,
એ ગૂઢ સત્ય સમજી લઈને, અવગણી તેને નબળી કરો.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# નવજાત બાળક બનો

(તા.૪.૧૨.૧૯૧૪ - પૃ.૨૦૩)



કેટલાંક મનોમય ઘડતરો એવાં છે કે જે બળવાન છે અથવા મારી પ્રકૃતિને બંધબેસતા છે. એ રૂપો મને પરમઅનુભૂતિઓ પ્રત્યે દોરી જનારા જાણે માર્ગદર્શકો છે. પરંતુ એકવાર અનુભવો બની ચૂકે પછી એ બધાંની ગુલામગીરીમાંથી મુક્ત થવું જોઈએ એવો તારો સંકલ્પ છે.

હું તારી સમક્ષ તાજા જન્મેલા બાળક જેટલી અજ્ઞાની બનીને ઊભી છું. આ શૂન્યના અંધકારમાં એક સર્વજયી શક્તિ પ્રાપ્ત થઈ હતી. અમારા અમાપ ગહરાઈઓનાં ઊંડાણમાંથી તું એક એવા બૌદ્ધિક સ્વરૂપનું ઘડતર કરે છે જે આ સમર્પણ અને શ્રદ્ધાથી ઘડાએલા કરણ દ્વારા તારો આવિર્ભાવ અનુકૂળ રીતે કરે છે..... અગાઉ કદી પણ અનુભવી ન હોય તેવી સ્વતંત્રતા અને વિસ્તાર હું અનુભવું છું. મને તારી સમક્ષ એક તાજા જન્મેલા બાળક સરખી બનાવી દીધી છે.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (નવજાત બાળક બનો) | ૩ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ |
| **દિવ્યજીવન** (પરમ ચેતનાનું અસ્તિવ) | ૮ |
| માતૃવાણી (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨) | ૧૧ |
| સાવિત્રી (અજાણ વાસ્તવિકતાઓ) | ૧૫ |
| યોગ વિષે પત્રો (મનસ્તત્વનું સ્વરૂપ) | ૧૯ |
| ઉપનિષદો (બધાનું ઉત્પતિ-સ્થાન : બ્રહ્મ) | ૨૨ |
| વેદ-રહસ્ય (વરુણનું સ્વરૂપ) | ૨૫ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે (અતિમનસનો આવિર્ભાવ) | ૨૮ |
| **યોગ પર દીપ્તિઓ** (માનવીય લાગણીઓથી પ્રભુ પ્રેમ તરફ) | ૩૦ |
| **સાંજના વાર્તાલાપો** (શ્રી અરવિન્દની વર્તમાન સાધના અને અતિમનસનાં ત્રણ સ્તરો) | ૩૩ |
| **વેદવિજ્ઞાન** (પિતૃઓ) | ૩૬ |
| **ધ મધર્સ એજન્ડા** (સામાન્ય ચેતના અને નવી ચેતના) | ૪૦ |
| **યોગનાં મૂળતત્ત્વો** (કામવાસના - ખોરાક - નિદ્રા) | ૪૩ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (વિશ્વનો વિકાસ : પ્રભુનો આવિર્ભાવ-૮૨-૮૫) | ૪૪ |
| **જાતક કથાઓ** (ચોરી : એક પાપ) | ૪૭ |
| **૫ ડિસેમ્બર - શ્રી અરવિન્દ મહાસમાધિ દિનઃ** | ૪૮ |
| કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૩ વર્ષ : ૨
ડિસેમ્બર - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફટ, **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરા અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# નવજાત બાળક બનો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને અનુભૂતિ આવી રહી છે કે (૨૧ નવે.૧૯૧૪) તેઓ શાંત બનીને સમગ્ર વિશ્વને આશ્લેષમાં લઈ રહ્યાં છે પોતે આનંદનો મહાસાગર બની ગયાં છે.

પોતાને શાંતિ તરીકે અનુભવવી, પોતાને આનંદનો મહાસાગર તરીકે અનુભવવો, એ ખરેખર તો મનોમય ઘડતરો નિર્માણ કરીને તેની દ્વારા અનુભૂતિને વધુ તીવ્રતાથી, સ્પષ્ટતાથી, ઊંડાણથી અનુભવવાથી ક્ષમતા પ્રાપ્ત થાય છે. આવી રીતે મનોમય ઘડતરોનો ઉપયોગ સાધનામાં વખતોવખત કરવો હિતાવહ પણ છે.

તે ઘડતરોની કલ્પના વધુ બળવાન હોવાને લીધે અથવા તે કલ્પના અનુભવકર્તાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી આવી ક્ષમતાઓ ઘડતરોમાં નિર્માણ થાય છે. પણ એક વખત તે ઘડતરો દ્વારા આવેલી અનુભૂતિ પસાર થઈ જાય, તેનું ચેતનાના વિકાસનું કાર્ય પૂરું થાય, પછી આ ઘડતરો નકામા જ નહિ પણ નડતરરૂપ લાગે છે. તેથી યોગમાં તેમનો ત્યાગ કરવો જરૂરી છે.

તેવા ઘડતરોનો ત્યાગ કર્યા પછી વ્યક્તિ પ્રભુ સામે તો તાજા નવા જન્મેલા બાળક જેવી થઈ જાય છે. જેથી પ્રભુને તેને જેવી ઘડવી હોય તેવી મુક્ત રીતે ઘડી શકે. નવા વિકાસના દોરમાં ફરી નવા મનોમય ઘડતરો રચી ફાયદો લેવો પડે છે.

માતાજી જણાવે છે કે તેઓ નવજાત બાળક બનીને પ્રભુ સામે હાજર છે ત્યારે તેમને નવા વિકાસનું આયોજન ધ્યાનમાં આવે છે અને પ્રભુ પોતે જ નવું મનોમય ઘડતર રચી રહ્યાં છે એવું તેમને લાગે છે.

પોતાને નવજાત શિશુ સમજવું, પૂર્ણ અજ્ઞાની, નિષ્પાપ સમજવું એ પણ એક મનોમય ઘડતર જ છે અને તે ઘડતર માતાજીનો સમર્પણભાવ અને શ્રદ્ધાને કેવી

(અનુ. પૃષ્ઠ ૩૨ ઉપર)

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

આ વાર્તાલાપ કરવામાં કંઈ જ ખર્ચ થતો નથી. સાવ મફતમાં જ જોઈએ તેટલા SMS તમે મોકલી શકો છો. વળી અદૃષ્ટ સાથીદાર ભલે તુરતમાં સીધો પ્રત્યુત્તર ન આપે. છતાં SMS સ્વીકારે તો છે જ અને ક્યારેક બધાંનો એક સામટો જવાબ મોકલાવી દે તો મેળવનારના ભાગ્ય ખુલી જાય છે. આ ઉપરાંત આ વાર્તાલાપથી કંઈ જ નુકશાન તો થવાનું જ નથી. પ્રત્યક્ષ ફાયદો તાત્કાલિક ભલે ન જણાય, પણ નુકશાન તો બિલકુલ થવાનું જ નથી. વળી આ વાર્તાલાપ કરવામાં બીજા કોઈ બહારના સાધનની પણ જરૂર પડતી નથી. આ તો અંતરમાંથી સીધું ડાયલ ઘૂમાવ્યું અને હોટલાઈન ચાલુ થઈ જાય ! આ ઈન્ટરનેટ એવું સૂક્ષ્મ અને શક્તિશાળી છે કે અંતરમાં ઊઠેલો સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવ પણ એમાં સીધો ઝીલાય છે, અને તે એ સુપર કોમ્પ્યુટરમાં સંગ્રહાઈ જાય છે, યથાકાળે તેનો પ્રત્યુત્તર પણ મળે છે. આજકાલ તો લોકો કોમ્પ્યુટર પર જાતજાતની રમતો રમે છે. એ ય કોમ્પ્યુટર સાથે એકલાં એકલાં જ રમતો રમે છે અને આનંદ મેળવે છે. તો આ અદૃષ્ટ સાથીદાર સાથે વાર્તાલાપ કરવાની રમત પણ કંઈ નહીં તો મોજને ખાતર, આનંદને ખાતર કરવા જેવી છે અને એ રમત રમતાં રમતાં જો અદૃષ્ટ સાથીદારના સંદેશ ઝીલતાં અને પારખતાં આવડી ગયું, તો પછી એ રમતમાં એવો અદ્‌ભૂત આનંદ પ્રાપ્ત થવા લાગે છે કે બીજી બધી રમતોનો આનંદ તુચ્છ બની જાય છે, અને પછી તો એ અદૃષ્ટ સાથીદાર, રમતનો એ દિવ્ય ભેરુ સન્મુખ આવીને ઊભો રહે છે. ત્યારે મોજને ખાતર કરેલો વાર્તાલાપ, કેવો મધુર બની જાય છે ! પછી તો સમગ્ર વિશ્વ એ દિવ્યભેરુની અલૌકિક રમતરૂપ જણાવા લાગે છે. આમ પ્રભુની સમક્ષ કરેલું નિવેદન,

એમની સમક્ષ કરેલી વાતો, એ જ તો છે પ્રાર્થના. આ પ્રાર્થના એ ભલે માનવ હૃદયમાંથી નીકળી હોય, પણ તેની શક્તિ એટલી પ્રચંડ છે કે તે સીધી પ્રભુ સુધી પહોંચે છે, એટલું જ નહીં પણ એ શક્તિ પ્રભુની સમીપ મનુષ્યને પહોંચાડી પણ શકે છે. એ સર્વ પ્રકારના જોખમો અને ભયોની સામે બખ્તરનું કામ કરે છે. મનુષ્યને સુરક્ષિતપણે પરમાત્માના સીધા માર્ગ પર મૂકી આપે છે.

**પ્રાર્થના કેવી રીતે કરવી ?**

નાના  બાળકને કોઈ શીખવતું નથી કે તારે તારી માતાને કેવી રીતે બોલવવી ? આ પ્રમાણે શિષ્ટ ભાષામાં બોલાવવી, આ રીતે આદરપૂર્વક બોલાવવી. એના રૂદન પરથી માતા સમજી જાય છે કે એને શેની જરૂર છે અને તે દોડીને બાળકને તેડી લે છે અને તેની જે કંઈ મુશ્કેલી છે, તે દૂર કરે છે. આ તો સ્થૂલ દેહની જરૂરિયાતની વાત થઈ. જો બાળકના રૂદનના અવાજ પરથી મનુષ્યમાતા તેની જરૂરિયાત પારખી શકતી હોય તો ભગવાન તો સર્વસમર્થ છે, એ પોતાના બાળકના ગમે તે પ્રકારના વાર્તાલાપો પરથી તેની આંતરિક જરૂરિયાતો અવશ્ય પારખી લે છે. એટલે પ્રાર્થના પદ્ધતિસર જ કરાય. ભગવાનને અમુક જ રીતે પોકારાય, એમને ગમે તે રીતે પોકારવાથી તેઓ કોપાયમાન થઈ જાય. આવી બધી માન્યતાઓ તો ભગવાનને સરમુખત્યાર, કડક, શિસ્તમાં સહેજપણ ચૂક થાય તો કઠોર દંડ આપનાર ક્રૂર શાસક બનાવી દે છે. વાસ્તવમાં તેઓ જે નથી, એવા એમને બનાવી દેવામાં આવે છે. ખરેખર તો ભગવાન પોતે જ પ્રેમ અને કરુણાનું મૂર્તિમંત રૂપ છે. તેઓ ક્યારેય આપણી ભૂલો તરફ જોતા જ નથી, જો ભગવાન આપણી ભૂલોને ધ્યાનમાં લેતા હોય તો તો કોઈ મનુષ્ય પૃથ્વી ઉપર જીવવાને લાયક જ ન રહેત. ભગવાન તો આપણે એમને ક્યારે બોલાવીએ તેની જ રાહ જોઈ રહ્યા છે. મનુષ્યના હૃદયના ઊંડાણમાં પોતાના તેજોમય અંશને મૂકીને એના પ્રાગટ્ય માટેના પોકારની રાહ જોઈ રહ્યા છે. ભગવાનને બોલાવવા માટે કોઈ નિશ્ચિત પદ્ધતિની આવશ્યકતા નથી. આવશ્યકતા છે, એમના પ્રત્યે ભાવ જાગવાની.

# પરમ ચેતનાનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ન્યુટ્રોન કેન્દ્રમાં હોય છે. તેની આજુબાજુ પ્રોટોન્સ અને ઈલેકટ્રોન્સ ફરતાં હોય છે. આ તેમની વર્તુળાકાર ગતિ તેમને આકર્ષણ અને અપાકર્ષણને લીધે નિર્માણ થાય છે. વિધર્મી અર્થાત્ ઘન અને ઋણ વિદ્યુતમાં આકર્ષણ થાય છે. જેમ સ્ત્રી અને પુરુષ સહજ આકર્ષણ અનુભવે છે તેમ ઘન વિદ્યુતભારીત પ્રોટોન્સ અને ઋણ વિદ્યુતભારીત ઈલેકટ્રોન્સ એકબીજા માટે સહજ આકર્ષણ અનુભવે છે. આથી ઉલટું સમાનધર્મી એકમો અપાકર્ષણ અનુભવે છે. બે ઘન વિદ્યુતભારીત અથવા બે ઋણ વિદ્યુતભારીત એકમો અપાકર્ષણ અનુભવે છે.

અણુની રચના એવી છે કે કેન્દ્રમાં ન્યુટ્રોન સ્થિર છે કારણ ન્યુટ્રોન્સમાં જ્યારે ઋણ વિદ્યુતપ્રવાહ વહે છે ત્યારે ઈલેકટ્રોન્સ અપાકર્ષણ અનુભવે છે અને ન્યુટ્રોનને આઘો ધકેલવાનો પ્રયત્ન કરે છે. તે જ વખતે પ્રોટોન્સ ન્યુટ્રોન્સ તરફ આકર્ષણ અનુભવી તેને જકડી રાખે છે. આ બે વિરોધી ગતિઓને કારણે ન્યુટ્રોન કેન્દ્રમાં સ્થિર રહે છે.

જ્યારે ન્યુટ્રોનમાં ઘન વિદ્યુતનો પ્રવાહ વહે છે ત્યારે ઉલટું થાય છે. ઈલેકટ્રોન્સ આકર્ષણ અનુભવી તેને જકડી રાખે છે અને પ્રોટોન્સ અપાકર્ષણ અનુભવી તેને આઘો ધકેલે છે. આ બે વિરોધી ગતિઓને કારણે ન્યુટ્રોન્સ કેન્દ્રમાં સ્થિર રહે છે.

ઈલેકટ્રોન્સ અને પ્રોટોન્સને જે લંબવર્તુળાકાર ગતિ મળે છે તેનું કારણ પણ ઉપર મુજબનું જ છે. ઈલેકટ્રોન્સ આકર્ષણ અનુભવે છે યારે ન્યુટ્રોનની પાસે આવે છે અને અપાકર્ષણ અનુભવે છે ત્યારે આઘો ફંગોળાય છે. તેમાંથી તેને લંબવર્તુળાકાર કક્ષાની ગતિ મળે છે. પ્રોટોન્સનું પણ તેમજ થાય છે અને તેને પણ

લંબવર્તુળાકાર કક્ષાની ગતિ મળે છે.

હવે ઈલેકટ્રોન્સ અને પ્રોટેન્સ બંને પોતે કાયમી સ્વરૂપે વિજાતીય હોય છે. તેથી બંને વચ્ચે સતત એકબીજાનું આકર્ષણ રહે છે તેથી બંને સતત એકબીજા સાથે જોડાવાનો પ્રયત્ન કરતાં હોય છે પણ થાય છે એવું કે ન્યુટ્રોનમાંનો વારાફરતી નિર્માણ થતો ઘન અને ઋણ વિદ્યુતનો પ્રવાહ તેમને ભેગા જ થવા દેતો નથી. ન્યુટ્રોન ઘન વિદ્યુતપ્રવાહ છોડે છે ત્યારે આથી વિરૂદ્ધ પ્રક્રિયા થઈને ઈલેકટ્રોન પાસે ખેંચાય છે અને પ્રોટોન્સ આઘો ફંગોળાય છે. પણ તેનો પરિણામ ઉપર મુજબ જ થાય છે. અર્થાત્ બંનેનો મિલાપ થતો નથી.

આ આંતરિક રીતે અણુમાં થતી આકર્ષણ અને અપાકર્ષણની પ્રક્રિયાને લીધે ત્રણેના ચુંબકીય ક્ષેત્રમાં વારંવાર ઉથલા પાથલો થતી હોવાથી તેમાંથી અણુશક્તિનો આવિર્ભાવ થાય છે.

ચેતનાના ‘અગ્નિ’ તત્ત્વની અવસ્થાની આ આંતરિક પ્રક્રિયા છે.

આજ આકર્ષણ અપાકર્ષણને લીધે અણુઓ પણ એકબીજાની પાસે આવે છે અથવા ફંગોળાય છે તેથી તેઓમાં જે સ્થાનાંતરની ગતિ નિર્માણ થાય છે તે ચેતનાની ‘આપ-અવસ્થા’ છે. પ્રવાહી સ્થિતિ છે.

હવે આપ - અવસ્થા બાદની પાંચમી ‘પૃથ્વી - અવસ્થા’ નિર્માણ થવાની શરૂઆત થાય છે. ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન મળીને ત્રણ અલગ અલગ એકમોનું બનીને જે એક વિશાળ થતું એકમ બને છે તેને અણુ કહે છે અને આવા અણુઓનું પણ એક સામુદાયિક એકમ બને છે. તે અણુ કરતાં પણ વધારે વિશાલ બને છે. આમ વિશાલ બનવાની પ્રક્રિયા ઉત્તરોત્તર શરૂ થાય છે આને ઋષિઓ પ્રતિકાત્મક રીતે પૃથ્વી અવસ્થા કહે છે. કારણ પૃથુનો અર્થ મોટા થવું, ભારે થવું ઘનીભૂત થવું એવો છે. તેથી ઋષિઓ જણાવે છે કે ‘અદભ્યઃ પૃથિવી’ ચેતનાની ‘આપ અવસ્થા’માંથી પૃથ્વી અવસ્થા નિર્માણ થાય છે.

આવી રીતે ચેતનાની અકાશ, વાયુ, અગ્નિ, આપ અને પૃથ્વિ એવી પાંચ અવસ્થાઓ ક્રમશઃ નિર્માણ થાય છે. આ અવસ્થાઓના આવિર્ભાવને જ ઋષિઓ ‘સંભૂતિ’ કહે છે. સંભૂતિનો આર્વિભાવ એ વિવિધ તબક્કાઓની, અવસ્થાઓની બનવાની પ્રક્રિયા છે અને તેમાંથી જે વિવિધ આકારો નિર્માણ થાય છે તેમને ‘ભૂત’

અર્થાત્ બનેલાં, પરિણામ સ્વરૂપે બનેલાં એમ કહે છે. આ વધારે સ્થૂલ થાય છે ત્યારે તેમને મહાભૂત કહેવામાં આવે છે. ભૌતિક જડ પદાર્થ આ રીતે ચેતનામાંથી આવિર્ભાવ પામેલો છે. આ આખી અવક્રાંતિની સળંગ પ્રક્રિયા છે. સંભૂતિની સળંગ પ્રક્રિયા છે.

આ પાંચે અવસ્થાઓ એકબીજામાં ભેળસેળ થયેલી હોય છે. તેને જ ‘પંચિકરણ પ્રક્રિયા’ કહે છે. દરેક વસ્તુનો સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાગોનો અંતિમ છેડો તો ચેતનામાં જ જઈને વિલીન થતો હોય છે. આપણે જેને જડ વસ્તુ કહીએ છીએ એ તો તે વસ્તુનો સહુથી જડ અને સ્થૂલ ભાગ જ હોય છે. તે વસ્તુનાં આ સ્થૂલભાગની પાછળ એકથી એક એવી ઉપર જણાવેલી પાંચે અવસ્થાઓ હોય છે. અંતે આકાશ અવસ્થા જ વધારેને વધારે શાંત અને નિષ્ક્રિય અને નિરાકાર થતાં થતાં આત્મશક્તિમાં રૂપાંતરિત થાય છે અને આ આત્મશક્તિ પરમ - ચેતનામાં વિલીન થઈ જાય છે. આ પ્રલયની પ્રક્રિયા છે, વિસર્ગની પ્રક્રિયા છે. પહેલી પ્રકટ થવાની અને સંભૂતિની પ્રક્રિયા તે સર્ગની પ્રક્રિયા છે. નવરચના અને નવનિર્માણની પ્રક્રિયા છે. આવિર્ભાવની પ્રક્રિયા છે. ઋષિઓએ આને જ સર્ગ અને પ્રતિસર્ગ અથવા સર્જન અને વિસર્જન, પ્રભવ અને પ્રલય આ નામોથી વર્ણવેલ છે.

આ સમગ્ર પ્રક્રિયાનું મળીને એક કાલચક્ર નિર્માણ થાય છે. ઋષિઓએ કાલનું સ્વરૂપ ચક્રાકાર ગણ્યું છે. જેમાંથી નિર્માણ થાય તેમાં ફરી વિલીન થવાના કાળને એક કાળચક્ર તરીકે તેઓ વર્ણવે છે. પાશ્ચિમાત્ય ચિંતકો કાળને એક આગળને આગળ વધતી જતી સરળ રેષા તરીકે ગણે છે. કારણ તેમના મતે વિતેલા કાળમાં પાછું ફરાતું નથી. આપણા ઋષિઓ જણાવે છે કે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આ તો માનેલી કલ્પના છે. ખરેખર તો કાળ અખંડ છે અને ચેતના પોતે આ અખંડ કાળમાં મુક્ત રીતે પ્રવાસ કરી શકે છે. તેથી ભૃગુઋષિ ભૃગુસંહિતામાં ભવિષ્યકાળને પણ જોઈ અનુભવી શકતા દર્શાવેલ છે. ચેતના તો ત્રિકાળજ્ઞ હોય છે. કાળ તો સનાતન છે અને ચેતના પણ સનાતન છે. તેથી તેમની ગતિ પણ અનિર્બંધ અને સનાતન હોવી જોઈએ.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨

(માતૃવાણી - ૨, પૃ.૩૦૨-૩૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૨૧ **ઔચિત્ય :** જે અસ્તિત્વમાં છે તેની હાલમાં આવશ્યતા છે અને અગત્ય પણ છે, તેને જ ઔચિત્ય કહે છે. પૃ.૩૦૪

૨૨ **કાલી :** તમામ વિનાશની પાછળ કાલીની શક્તિ રહેલી છે. તે જગતના વિકાસને ઝડપી બનાવવા પ્રયત્ન કરે છે. પૃ.૩૦૪

૨૩ **કર્મ :** કર્મ એ અહંકારની રચના છે. જ્યારે અહંકારનો લય થઈ જાય છે ત્યારે કર્મનો લય થાય છે અને દિવ્યકર્મ બની જાય છે. જ્યાં સુધી અહંકારનો નાશ નહિ થાય ત્યાં સુધી જે કર્મ ભૂતકાળમાં પણ હતું તે સાથે આવતું રહેશે. પૃ.૩૦૪

૨૪ **કૃષ્ણ :** કૃષ્ણ આ જગતમાં જ મુક્તિ અને આનંદને ઉતારી લાવવા આવેલા. કૃષ્ણ એ વાસ્તવિક-હસ્તિ છે. તે સક્રિય છે. તેમનો પ્રભાવ પૃથ્વીની પ્રગતિ અને તેના રૂપાંતર માટેનું મહત્ત્વનું પરિબળ છે. પૃ.૩૦૫

૨૫ **આત્મા :** આત્મા પ્રકાશમય છે. દિવ્ય છે. પરમાત્માનો શાશ્વત અંશ છે. તે પોતાના સિવાય અન્ય નિયમોથી બદ્ધ નથી, મર્યાદિત નથી. બધા માનવ-જીવો એક જ વૈશ્વિક-આત્માની અભિવ્યક્તિ છે. આત્મા વિષે

સભાન બન્યા સિવાય તમે તેના વ્યાપારોને, પ્રવૃત્તિઓને જોઇ શકતા નથી. આત્મા-આત્મા વચ્ચે કાયમી સંબંધો હોય છે. એક જ પરમાત્માના અંશ તરીકેના હોય છે તે સંબંધ જ માનવી-જીવનમાં મિલનનાં કારણો બને છે. પણ તે મિલનથી તેઓ બંધાતાં નથી. તેમના ભાગ્ય પણ સમાન થતાં નથી. આત્મા-આત્મા વચ્ચે ઉચ્ચ-નીચનો ભાવ નથી. તે બધા સમાન જ હોય છે. તે બધાંનો ઉદ્‌ગમ એક જ દિવ્યતા છે તેથી આ સમાનતા છે.

આત્મા અથવા ચૈત્યપુરુષ એ માનવની વિશેષતા છે, કારણ તે નિશ્ચિત વ્યક્તિત્વ માનવ-જન્મમાં જ ધારણ કરે છે. તે માનવમાં જ હોય છે. પશુ, પક્ષી, કીટકમાં ચૈત્ય-તત્ત્વ હોય છે જે સંઘટિત, વ્યક્તિત્વ ધારણ કરેલું હોતું નથી. તેથી ચૈત્યપુરુષ એ માનવજાતિમાં પરમાત્માનો પ્રતિનિધિ ગણાય છે. તે જ માનવને પ્રગતિ કરાવતો હોય છે. જો આપણે આત્મા સાથે પૂર્ણ સભાન અને સમગ્રતાપૂર્ણ સંબંધ સ્થાપી શકીએ તો તે આપણને બાહ્ય- શરીરના બંધનમાંથી મુક્તિ અપાવે છે. માનવ-સ્વરૂપના ભૌતિકતત્ત્વના પડદાને ચીરીને આત્માનો પ્રકાશ બહાર પ્રગટ થવો જોઇએ. આત્મા પરમાત્માને વિચારો દ્વારા જાણતો નથી પણ એકરૂપતા દ્વારા જાણે છે. પૃ.૩૦૫

૨૬ **મુક્તિ :** પૂર્ણ-સચ્ચાઇ, સત્યનો સાક્ષાત્કાર અને પ્રેમ દ્વારા જ મુક્તિ મળે છે. તેમાં પણ સત્યના સાક્ષાત્કાર વિના મુક્તિ નથી; જ્યાં સુધી અહંકારમાંથી તેના અજ્ઞાનમાંથી મુક્ત થવાતું નથી. દુરાચાર, સ્વૈરાચાર, સ્વચ્છંદીપણું એ સ્વતંત્રતા નથી. સાચી સ્વતંત્રતા અનુભવવા તમે મક્કમ, આત્મસભાન, સંકલ્પશક્તિને ધારણ કરો, જેથી તે શક્તિ ચૈત્યપુરુષ દ્વારા કાર્ય કરવા માંડે, ત્યારે જ તમે આત્માની સ્વતંત્રતાને માણી શકો છો. બાકી બધી અવસ્થાઓમાં તમે અનેકવિધ બાહ્ય-પરિણામોના દાસ જ બની રહો છો. પૃ.૩૦૬

૨૭ **જીવન :** જીવન એક પુરુષાર્થ અને પ્રવૃત્તિ છે. તે એક યાત્રા છે જે ધીમે ધીમે આંતર-જ્યોતિ પ્રત્યે જાગૃત થાય છે. આવી જાગૃતિ સાથેનું આંતર-જ્યોતિ સાથેની એકરૂપતાવાળું જીવન જ પરમ-જીવન છે. તેમાં બધાં જ આત્માઓ પોતપોતાની રીતે આંતર-જ્યોતિ તરફ વધતા અનુભવાય છે. ભગવાનના સંપર્ક વગરનું બધું જ અસત્ય અને મિથ્યા છે, દુઃખપૂર્ણ ભ્રમણા છે. ભગવાનમાં જ જીવન, પ્રકાશ અને આનંદ રહેલાં છીએ. આપણે ભગવાનની આંખોથી જ આવા જીવન તરફ જોવું જોઈએ અને તેમના સંકલ્પને અનુસરીને કર્મો કરવાં જોઈએ. માણસ ભગવાનને વાણી દ્વારા વર્ણવી શકતો નથી પણ તેમને જીવી જાણે છે. તે પ્રભુની અનંતતા સાથે એકરૂપ થઈ શકે છે. માણસ ઊર્ધ્વ-ચેતનામાં નિવાસ કરીને જે આંદોલનો સર્જે છે તે જ તેના વિચારો, વાણી દ્વારા પ્રગટ થાય છે. પૃ.૩૦૬

૨૮ **પ્રકાશ :** ચેતનાના પ્રકાશનું એક કિરણ તમે ધારણ કરો તો પણ તમારા તમસ્‌ને તમે ઓગાળવાની શરૂઆત કરો છો. પ્રકાશ એ પરમાત્માનું એક મહત્ત્વનું પ્રતીક છે પણ તે એક જ પ્રતીક નથી. શક્તિ, ચેતના, આનંદ, શાંતિ, નિરપેક્ષતા; એવાં તેના કેટલાય પ્રતીકો છે. પૃ.૩૦૭

૨૯ **લાંબો પંથ :** લાંબો પંથ તમને લાંબાગાળા સુધી અભીપ્સા. સમર્પણ અને આનંદનો આનંદદાયક અનુભવ કરાવશે, તો પછી ચિંતા શેની ? પૃ.૩૦૭

૩૦ **પ્રભુ :** પ્રભુ પોતાના અસ્તિત્વની ગહનતામાં દરેક વસ્તુને ગતિ આપતા હોય છે. તે ગતિને માર્ગ દર્શાવતા હોય છે અને ગતિ કરવાની શક્તિ પણ આપતા હોય છે. પૃ.૩૦૮

૩૧ **લાભહાનિ :** પ્રત્યેક પળે તમને ખોતા આવશે તો પામતા પણ આવશે. ખોયા વગર, ત્યાગ વગર, પ્રાપ્ત કરવું અશક્ય છે. પૃ.૩૦૮

# હાર્દિક નિમંત્રણ



## ત્રિ-દિવસીય શિબિર

### ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર ૨૦૧૪(શનિ,રવિ અને સોમ)

તા.૨૧ ડિસેમ્બર ૧૯૮૨ના રોજ શ્રી ચંપકલાલજીના શુભહસ્તે નવસારી શ્રી અરવિંદ કેન્દ્રમાં શ્રી અરવિંદના દિવ્યાંશ સ્થાપવામાં આવ્યા હતા. શ્રી માતાજીના ખાસ આશીર્વાદ આ કેન્દ્રને મળ્યા છે. શ્રી અરવિંદ આશ્રમ પોન્ડિચેરીના અંતેવાસી શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી સુન્દરમ્ જેવા અન્ય સાધકો પણ અહીં કેન્દ્રમાં આવી શ્રી અરવિંદના પૂર્ણયોગનું આચમન કરાવ્યું છે.

આ ત્રિ-દિવસીય શિબિર દરમિયાન જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો અને તા.૨૧ ડિસેમ્બરના રોજ નવા દશ્ય-શ્રાવ્ય હોલના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સૌ અભીપ્સુ સાધક ભાઈ-બહેનોને કેન્દ્ર હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

## :કાર્યક્રમ:

**તા.૨૦ અને ૨૨ ડિસેમ્બર ના રોજઃ (શનિ અને સોમ)**

સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૩:૦૦ થી ૬:૩૦ વ્યાખ્યાનો
(દશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ સાથે)

**તા.૨૧ ડિસેમ્બર ,રવિવાર (દિવ્યાંશ સ્થાપના દિન) ના રોજઃ**

સવારે ૭:૦૦ કલાકે ધ્વજવંદન અને ધ્યાન
૯:૦૦ થી ૧૨:૩૦ દશ્ય-શ્રાવ્ય હોલની ઉદ્‌ઘાટનવિધિ
સાંજે ૩:૦૦ થી ૬:૩૦ વ્યાખ્યાનો

## : વ્યાખ્યાનોના વિષયો અને વક્તાઓ :

પૂર્ણયોગની સાધના
(શ્રી માનસિંહભાઈ ચાવડા-રાજકોટ)
શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું જીવન-દર્શન તથા શ્રીઅરવિંદઆશ્રમ-પોન્ડીચેરીમાં દીર્ઘકાળ રહી પૂર્ણયોગની સાધના કરનાર ગુજરાતના વરિષ્ઠ સાધકોનો ટૂંકો જીવનવૃત્તાંત
અને
પુનરુત્થાનને પંથે ભારત - શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પ્રકાશમાં
(શ્રી શરદભાઈ જોષી - વડોદરા અને અન્ય)
(આપના આગમનની જાણ તા.૧૦-૧૨-૨૦૧૪ પહેલા નવસારી કેન્દ્ર ઉપર કરવી)

## : નિમંત્રક :

**શ્રી અરવિંદ યોગ સાધના કેન્દ્ર**

મહર્ષિ શ્રી અરવિંદ માર્ગ, દુધિયા તળાવ, નવસારી-૩૯૬૪૪૫

દિલીપભાઈ પટેલ (મો.૯૪૨૭૧ ૫૫૨૦૫) દિવ્યેશ મિસ્ત્રી (મો.૯૨૨૮૧ ૫૨૮૮૪)

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# અજાણ વાસ્તવિકતાઓ

પ્રકરણ-૧૪૨

(Savitri B-1, C-4, P-67-68)

But meanwhile all is a shadow cast by a dream
And to the musing and immobile Spirit
Life and himself don the aspect of a myth,
The burden of a long unmeaning tale.

આ બધી વિકાસની પ્રક્રિયા થતી હોય છે ત્યારે તે ખરેખર શા માટે થાય છે અને તેનું અંતિમ પરિણામ ખરેખર શું આવશે તે બાબતનો જરા પણ ખ્યાલ સાધકને આવતો નથી. તેથી તેને એ બધું ગૂંચવણભર્યું, ન સમજી શકાય એવું (shadow) લાગે છે. અને તે વાસ્તવિકતા નથી પણ તેના મનના ખેલ જ છે (dream) એવી તેને વારંવાર શંકા જાય છે. સાધકના ચિત્તમાં જ્યારે આવા ભાવો નિર્માણ થતા હોય છે ત્યારે તેને જે નિરાકાર, અસીમ, અવિચળ ચેતનાનો (immobile) પાર્શ્વભૂમિમાં સાક્ષાત્કાર થતો હોય છે તેની દૃષ્ટિએ આ બધું એક કલ્પના - વિલાસ (myth) જેવું લાગે છે. તેને આ કલ્પના - વિલાસ જોઈને રમૂજ (musing) નિર્માણ થાય છે પણ તે પોતાની અસીમતાની નીરવ શાંતિમાં આનંદ લૂંટતો હોય છે. જીવનના (Life) કડવા મીઠા પ્રસંગો તેને કાલ્પનિક નવલકથા જેવાં લાગે છે. પોતે એક વ્યક્તિ છે એને પણ તે ભ્રમ જ માને છે. (himself) રમત માટે જાણે પોતે આ ખેલ કરી રહ્યો છે (don) એવું તેને લાગે છે ! આ નિરર્થક લાંબી નવલકથા

ઘણી વખતે તેને ભારરૂપ લાગે છે (unmeaningtale)

For the key is hid and by the Inconscient kept;
The secret God beneath the threshold dwells.
In a body obscuring the immortal Spirit
A nameless Resident vesting unseen powers,
With Matter's shapes and motives beyond thought
And the hazard of an unguessed consequence.
An omnipotent indiscernible Influence.
He sits, unfelt by the form in which he lives
And veils his knowledge by the groping mind.

પણ આ વિવિધ અનુભવોનો સમન્વય કરનારી ચાવી તો અચેતનમાં છુપાએલી છે. તે ચાવીનું નામ છે પરમ - પ્રભુ. પોતે તેઓ અચેતનના નીચે ગુપ્ત રીતે રહે છે. અચેતન નીચેની દિવ્યતાને ઉપરના જીવનથી જાણે જુદી પાડી છે. જાણે તે એક ઉમરો છે (threshold ) તે અમર - ચેતનાને શરીર દ્વારા પ્રગટ થતી વખતે તે એટલી ગૂંચવી નાખે છે કે (obscuring) તેના સાચા સ્વરૂપને આપણે ઓળખી જ શકતા નથી ! આપણે અમર સનાતન તત્ત્વ છીએ તે ઉપર આપણો વિશ્વાસ જ બેસતો નથી. તે અમર તત્ત્વને ન ઓળખવાથી તે અનામી (nameless) બની જાય છે. પણ તે અનામી તત્ત્વ આપણે જેને જાણીએ છીએ તે સ્વરૂપ ઉપર પરિણામ કરે જ છે અને તેને ઘડતો હોય છે. પોતાની શક્તિઓ બાબત આપણે કાંઈ જાણતા નથી (unseen) તેની મદદથી તે આપણા આ ભૌતિક તત્ત્વને આકાર આપે છે, પણ તે આકાર આપવા પાછળનો હેતુ (motives) આપણી વિચારશક્તિ પકડી શકતી નથી (beyond thought) તેથી જે પરિણામો આપણને દેખાતા હોય છે તે (consequence) શા માટે નિર્માણ થતાં તે બાબત આપણને અંદાજ આવતો નથી (unguessed) અને તે બધાં પરિણામો કોઈ

અસંબદ્ધ શંભુમેળો છે (hazard) એવું આપણને લાગે છે પણ આ બધાં પરિણામો એ એક સર્વ શકિતમાન (omnipotent) પ્રભુના છે, તેની આપણે ખાતરી રાખવી પડે છે. આજે તે સમજાતા નથી (indiscernible) પણ ભવિષ્યમાં સમજાશે તેવી શ્રદ્ધા રાખવી પડે છે.

આવી સ્થિતિમાં તે આપણા આ સ્વરૂપમાં બેઠો હોવા છતાં આપણે તેને અનુભવી શકતા નથી (unfelt). આપણું મન અને બુદ્ધિ તેને સમજવા ખોટા ફાફાં મારે છે (groping), પણ તેનું જ્ઞાન તે પ્રગટ થવા દેતો જ નથી કારણ હજુ સમય પાકેલ હોતો નથી.

A wanderer in a world his thoughts have made.
He turns in a chiaroscuro of error and truth
To find a wisdom that on high is his.
As one forgetting he searches for himself;
As if he had lost an inner light he seeks:
As a sojourner lingering amid alien scenes
He journeys to a home he knows no more.

પણ તે આ ચિત્રવિચિત્ર ઘટનાઓથી ચક્રાવે ચડી જાય છે (wanderer) અને તેમાંથી થોડું ઘણું તારવે છે. અંદાજે નિર્ણય લે છે કે આ સાચું છે, આ ખોટું છે, છતાં શંકાકુશંકા તેને ચક્રાવે ચડાવતી જ હોય છે. (chairoscuro) ખરેખર આ બધા તેનું પોતાને લગતું જે જ્ઞાન છે (આત્મજ્ઞાન) અને જે મેળવવાનો તેને હક્ક પણ છે તેની પ્રાથમિક ઝાંખીઓ સ્વરૂપ છે જે તે ભૂલી ગયો છે અને તેને શોધવા પ્રયત્ન કરી રહ્યો છે એવું લાગે છે. તે જાણે કે એક આ અજાણ્યા પ્રદેશમાં (alien scenes) આવી ચડેલો કોઈ મુસાફર છે અને લટાર મારવા નીકળી પડ્યો છે !

પણ તેની આંતરિક જિજ્ઞાસા તેને આગળ ધકેલતી જ રહે છે. અને તે જાણે એવા પોતાના મુક્કામને શોધતો હોય છે જેની બાબત તેને પોતાને કાંઈ જ ખબર

હોતી નથી.

His own self's truth he seeks who is the Truth;
He is the Player who became the play,
He is the Thinker who became the thought:
He is the many who was the silent One.

તે પોતે સત્ચિત, આનંદ સ્વરૂપ છે. પોતે જ સત્ છે, મૂળભૂત અસ્તિત્વ છે અને એ પોતે જ અજ્ઞાનવશ કહેતો હોય છે કે હું સત્યનો શોધક છું. મારે સત્યનિષ્ઠ જીવન જીવવું છે. તે પોતે જીવનનો સ્વામી છે, તેને સંચાલિત કરતો હોય છે (Player) પણ અજ્ઞાનવશ સમજે છે કે તેનું મન, તેનું ચિત્ત તો નિરર્થક અનિયંત્રિત, વિચારો, ભાવનાઓ, આવેગોનો એક જાહેર-ચોક બની ગયો છે ! જ્યાં કોઈ તેમને રોકટોક કરનારું નથી. તે એક આવા વિચારો, ભાવનાઓ અને વિશ્વશક્તિઓના રમતનું સાધન, રમકડું બની ગયો છે. તે પોતે ખરેખર વિચારોનો નિર્માતા છે અને તેમનો સ્વામી છે. (Thinker) પણ વાસ્તવિકતામાં તેને પોતાને વિચારો, ભાવનાઓ અને વૃત્તિઓથી પોતાનું કોઇ અલગ અસ્તિત્વ જ લાગતું નથી (thought). તેને પોતે જગતનાં અસંખ્ય પ્રાણીઓમાંનું પોતે એક મૂલ્યહીન પ્રાણી છે, એવું લાગે છે. પણ તે જાણતો નથી કે આ બધાં જ પ્રાણીઓ મારફત તે જ જીવનની વિવિધતા માણતો હોય છે. (many) તે પોતે 'વિશ્વભૂક' વિશ્વની વિવિધતા માણનારો પોતે એક જ ભોક્તા છે. તે પોતે તો નીરવ - કૈવલ્યના ભાવમાં જીવનાર એક જ સર્વવ્યાપી આત્મતત્ત્વ છે. તેને પોતાની ઓળખાણ જ નથી. તે પોતે જ પોતાને ભૂલી ગયો છે. તેનો સ્મૃતિભ્રંશ થઇ ગયો છે. તે અજ્ઞાનના તિમિર નીચે દટાઇ ગયો છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# મનસ્તત્વનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૫૮-૩૬૪)

પ્રકરણ - ૧૮

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મન શબ્દ સામાન્ય ભાષામાં (માનવની) સમગ્ર ચેતના માટે..... વપરાય છે. પૃ.૩૫૮

૨ માણસ જ્યારે સામાન્ય સપાટીની ચેતનાની પાછળ જાય છે ત્યારે તે તેમને (મન-પ્રાણને) ભિન્ન-ભિન્ન તરીકે જોઈ શકે છે. પૃ.૩૫૯

૩ આત્મા અને મન બન્ને ભિન્ન વસ્તુ છે..... મન એક કરણરૂપ તત્ત્વ છે. પૃ.૩૬૦

૪ બધી જ ચેતના અનિવાર્ય રીતે આધ્યાત્મિક બનેલી હોતી નથી. પૃ.૩૬૦

૫ મનના ઘણા ભાગ છે અને તે દરેક..... પોતે જ એક શક્તિ છે. પૃ.૩૬૦

૬ માનવ પોતાના પ્રાણ ઉપર માનસિક કાબૂ સ્થાપન કરી શકે છે..... તેટલા પ્રમાણમાં તે માનવ છે. પૃ.૩૬૧

૭ શરીર મનની આજ્ઞાને યાંત્રિક રીતે અનુસરે છે. પૃ.૩૬૨

૮ શરીરને પોતાની પણ એક ચેતના હોય છે. પૃ.૩૬૨

૯. જ્યારે તે (મન) નિરપેક્ષ રીતે અથવા પ્રમુખતઃ તેને જ (પરમાત્મા અને સત્ય) અનુભવે છે અને પ્રત્યુત્તર આપે છે, ત્યારે તેને ચૈતસિક-મન કહેવામાં આવે છે. પૃ.૩૬૩

૧૦ આધ્યાત્મિક-મન પૂર્ણ હોય ત્યારે આત્મા વિશે સભાન હોય છે, પ્રભુનું પ્રતિબિંબ પાડે છે. પૃ.૩૬૩

૧૧ આધ્યાત્મિક-ધારણાશક્તિ..... આધ્યાત્મિક-વિકાસ માટેની નૈસર્ગિક શક્તિ (છે) તે ગમે તે ભૂમિકા ઉપર હોઈ શકે છે. પૃ.૩૬૩

૧૨ ઊર્ધ્વમન એ આધ્યાત્મિક-મનની એક ભૂમિકા છે. પૃ.૩૬૩

૧૩ આંતર-મન સપાટી ઉપરના મનની પાછળ હોય છે. પૃ.૩૬૪

૧૪ વિશાલતર મનમાં..... વિશાલતા પ્રાપ્ત કરતા વૈશ્વિક-ચેતનામાં પહોંચીએ છીએ. પૃ.૩૬૪

માનવ મનોમય પ્રાણી હોવાથી 'મન' શબ્દ તેની ચેતનાનાં બધાં જ સ્તરો માટે વ્યવહારમાં વપરાય છે, પણ યોગમાં તેવું નથી. તેમાં મન એ જ્ઞાન-પ્રક્રિયામાં નિશ્ચિત કામ કરનારું એક તત્ત્વ છે. તે આપણી પાંચે ઈન્દ્રિયોએ ગ્રહણ કરેલી સંવેદનાઆને ભેગી કરીને તેમાંથી 'માનસ-પ્રતિમા' રચવાનું કાર્ય કરે છે. મન ફક્ત બહારથી આવતાં સંવેદનો જ સ્વીકારતું નથી, પણ ચિત્તમાં જાગેલાં ભૂતકાળની સ્મૃતિનાં સંવેદનો પણ સ્વીકારે છે, તેમની બુદ્ધિએ લીધેલાં નિર્ણયોનાં સંવેદનો પણ સ્વીકારે છે. તે સેક્રેટરી-વિભાગ જેવું કામ કરે છે, તેથી મનના ક્ષેત્રમાં વિચારો, માનસપ્રતિમાઓ, આંતરદર્શનો, સંકલ્પો જેવા ઘણાં બધાં કાર્યનો સમાવેશ થઈ જાય છે.

ચિત્તમાં જો તે શાંત હોય તો ઊર્ધ્વમાંથી આવતા સંવેદનો અને દર્શનોનું પ્રતિબિંબ પડે છે. તે પણ મન સ્વીકારે છે. સારાંશ, બધાં જ પ્રકારની જ્ઞાનની પ્રક્રિયામાં માનવને મનનો ઉપયોગ કરવો પડે છે.

મનની ચેતના અને પ્રાણની ચેતના વચ્ચેનો તફાવત આપણે વ્યવહારમાં પાડતાં નથી, પણ યોગમાં તેવો તફાવત પણ પાડવો જ પડે છે. પ્રાણ એ ભાવનાના ક્ષેત્રમાં, ચિત્તમાં કાર્ય કરતી શક્તિ છે - લાગણીઓ, આવેગો, કામનાઓ, ઈચ્છાઓ, રાગદ્વેષ, લોભ, કામ, ક્રોધ, માલિકી-હક્ક, નિરાશા, આશા વગેરેની ભાવનાઓ આ બધાંનો સમાવેશ પ્રાણમાં થાય છે. અર્થાત્ પ્રાણશક્તિ આ બધું નિર્માણ કરતી હોવા છતાં તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

યોગસાધનામાં આવતો આનંદ, શાંતિ, પ્રસન્નતા, તૃપ્તિ આ પણ પ્રાણનાં ક્ષેત્રનાં કાર્યો છે, જે ચિત્તમાં અનુભવાય છે. વ્યવહારમાં ચિત્તને જ 'હૃદય' કહે છે.

પણ સામાન્ય માનવ-સ્વભાવમાં મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણ આ બધાં જ સેળભેળ થયેલાં હોય છે. જ્યાં સુધી માનવ આવી સપાટી ઉપરનું જીવન જીવે છે, ત્યાં સુધી આ ઉપરના તત્ત્વોનો સૂક્ષ્મભેદ તેને સમજવો મુશ્કેલ હોય છે.

સાધનાની શરૂઆતમાં સાધકનું મન સાધનાની જરૂરિયાત સમજી તેને જીવનનો આદર્શ તરીકે સ્વીકારે છે, પણ તેનો પ્રાણ પોતાની રીતે જ જીવન જીવવા માગતો હોય છે, તેથી જ એવો સાધક કહે છે કે સાધના કરવાની ઉચ્છા થાય છે પણ ગોઠવાતું નથી. સાધનામાં આવતી વિટંબણાઓ ઘણીખરી આ બે તત્ત્વો, મન અને પ્રાણનાં વિસંવાદી - ધોરણોને કારણે જ જન્મતી હોય છે.

સંત ઑગસ્ટિન મહાન સંત હોવા છતાં તે યોગી નહોતા, તેથી તેમને મન, બુદ્ધિ, ચિત્ત વગેરેના સૂક્ષ્મ ભેદોની પડી નહોતી. તેથી તેમના નીચેનાં વિધાનો જેમ ને તેમ સ્વીકારી લેવા યોગ માટે હાનિકારક છે :

૧. મન અને આત્મા એક વસ્તુ છે.

૨. મન એટલે જ માનવની સમગ્ર - ચેતના.

૩. શરીર જડ છે, તેમાં ચેતના નથી.

યોગી જાણે છે કે આત્મા એ મૂળ ચેતના છે અને મન તેનો એક આવિર્ભાવ માત્ર છે. જે જ્ઞાનની પ્રક્રિયામાં કરણ, સાધન તરીકે વપરાય છે. આત્માને ઈન્દ્રિયો હોતી નથી. આ બધાંનો સમાવેશ 'મન'માં કરી શકાતો નથી. ચૈતસિક-ચેતના આધ્યાત્મિક - પ્રેરણાનો પ્રદેશ છે. મન ઈન્દ્રિયગમ્ય જ્ઞાનની પ્રક્રિયાનો, પ્રાણ ભાવનાત્મક આંતર-જીવનનો અને પાર્થિવ-ચેતના ભૌતિક-જીવનનો પ્રદેશ છે.

શરીરને ચેતના નથી એ પણ ખોટું જ છે. શરીરને પોતાની ચેતના ન હોત તો શરીરનો વિકાસ થાત જ નહિ. રોગ પ્રતિકાર-શક્તિ દર્શાવે છે કે શરીર પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન કરે જ છે, પણ શરીરની ચેતનાનો આપણે વિકાસ કરેલો ન હોવાથી તે મન અને પ્રાણનું ગુલામ જ છે. પોતાનું તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી, એવો ભાસ જરૂર નિર્માણ થાય છે.

# બધાનું ઉત્પતિ-સ્થાન : બ્રહ્મ

(ઉપનિષદો, પૃ.૧૨૦-૧૨૩)

1. The Upanishad first affirms the existence of a vaster consciousness behind our mental being. P. 120
2 Brahman-consciousness is our real self. P. 120
3 Mind and body are not real self, they are mutable formations of our past energies lie dead behind us P. 120
4 Neither is the ego-function our real self. Ego is only a faculty to centralise the experiences. P. 120
5 Neither memory is our real self. It is a practical support so as to preserve the sense of continuity. P. 120
6 Neither is moral personality our real self, It is an evolving formation of mental ideas. P. 120
7 Neither is the totallity all these our real self, as it is only a stream of experiences pouring through time. P. 121
8 Behind all and dominating all... there is something that uses, determines all. P. 121
9. We cannot know unless we go behind the veil of our mental being. P. 121
10 There is a relation of 'that' with our mental being and that is it originates and gorverns the all. P. 121
11 Upanishad affirms that it is not even dependent on our

mind etc. for the exercise of its lordship and its activity. P. 122

12 It enjoys the freedom of its own inexhaustible infinity. P. 122

13 It first describes Brahman as mind of the mind etc. that means that which thinks not with the mind that by which the mind is thought. P. 122

14 True knowledge is of that which forms these instruments for us. P. 123

15 It is eternally satisfied with all things in the joy of its immortal being. P. 123

કેનોપનિષદ પ્રથમ આપણા મનોમય જીવન પાછળ એક અસીમ ચેતના રહેલી છે એ જણાવે છે. મન, પ્રાણ, ઈન્દ્રિયો, શરીર આ તો નિમ્ન પ્રકારનાં તેના સાધનો માત્ર છે. બ્રહ્મચેતના એ જ આપણી સાચી ચેતના, સાચું અસ્તિત્વ અને સાચો આત્મા છે.

મન અને શરીર આપણો સાચો આત્મા નથી કારણ તેઓ તો બદલાતી રચના અને ઘડતરો માત્ર છે. આપણા પાછળના સંસ્કારો જે અવચેતનમાં ગુપ્ત રીતે વસેલા છે, તેમના પરિણામ સ્વરૂપે આપણા મન અને શરીરને રંગરૂપ, ગુણધર્મો પ્રાપ્ત થયાં છે.

આપણો અહંકાર પણ આપણો સાચો આત્મા નથી. તે તો મને બધાં અનુભવોને એક કેન્દ્ર સાથે જોડવા માટે કરેલી રચના માત્ર છે, તે પણ બદલાતો હોય છે.

આપણી સ્મૃતિ એ પણ સાચો આત્મા નથી. આપણા અસ્તિત્વને ટકાવવાનો તે પ્રકૃતિનો એક માર્ગ માત્ર છે. તે એક વ્યવહારુ આયોજન માત્ર છે, જે બુદ્ધિને જ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય છે.

આપણું નૈતિક વ્યક્તિત્વ પણ આપણો સાચો આત્મા નથી. તે તો વિકસતી

એક રચના છે અને તે રચના મનના આદર્શો અનુસાર જ થતી હોય છે. તે સ્વતંત્રતાનું એક ભાન કરાવે છે.

ઉપર જણાવેલાં બધાંનો સમૂહ પણ આત્મા નથી. તે ફક્ત અનુભવોનો એક પ્રવાહ માત્ર છે જે ક્ષણેક્ષણે બદલાતો હોય છે.

આ બધાંની પાછળ અને આ બધાંને જે ઘડે છે તે જ અવિનાશી આત્મતત્વ છે. તે આ બધાંના પ્રભાવથી બદલાતો નથી. આ બધાં તેના સાધન માત્ર છે. મનોમય-જીવનની પાછળ ગયા સિવાય તેનો અનુભવ આવવો શક્ય નથી. મન તેને સમજી શકતું નથી કારણ મન તો સગુણ સાકાર વસ્તુઓને જ જાણે છે. મનને તો પોતાનાં વિચારપ્રવાહો જ દેખાય છે, પણ તેમને આધાર આપનાર તત્ત્વ દેખાતું નથી.

આ જે મનની પાછળ છે તે બ્રહ્મચેતના છે. તે અવિનાશી, સનાતન, પ્રકાશમય છે.

પણ આ બ્રહ્મતત્ત્વ કાંઈ મનથી તદ્દન સંબંધ વગરનું નથી. તે બ્રહ્મતત્ત્વે જ આ બધાં સાધનો રચેલાં છે. તેમને વાપરે છે અને છતાં તેમની વગર તેનું કોઈ કામ અટકતું નથી. તેણે તે બાહ્યચેતનાને વિકસાવવા રચેલાં છે. પોતાને વિકસાવવા માટે નહિ, પણ તેમની દ્વારા તે પોતે આંશિક રીતે પોતાને પ્રગટ કરી શકે છે.

તેને કેન ઉપનિષદ મનનું મન, આંખની આંખ, કાનનો કાન, વાણીની વાણી, જીવનનું જીવન તરીકે વર્ણવે છે. તેનો કહેવાનો અર્થ એ છે કે તેને કારણે જ આ બધાં સાધનોમાં પોતપોતાની ખાસ ક્ષમતા આવી છે પણ, તેને પોતાને તેમની જરૂર નથી. તેમના વગર પણ તેમાં તો મૂળથી જ આ બધી જ ક્ષમતાઓ છે જ.

તેથી આ સાધનો અને તેમણે મેળવેલ જ્ઞાન એ સાચું જ્ઞાન નથી. સાચું જ્ઞાન તો આ આત્મા વિષેનું જ જ્ઞાન છે, જે આપણે આ જીવનમાં મેળવવાનો હેતુ છે. તે પોતે તો સ્વયંસંતુષ્ટ છે. તેને કોઈ જાણે કે ન જાણે તેને કોઈ તફાવત પડતો નથી. તે તો પોતાની સનાતન અસ્તિત્વની સભાનતાથી જ, અમરતાથી જ સંતુષ્ટ છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## વરુણનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૧૭-૧૨૫)
પ્રકરણ -૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વરુણ શબ્દ વૃ ધાતુમાંથી બન્યો છે, જેનો અર્થ છે વીંટળાઈને રહેવું. (ઋષિઓએ) તેમણે પરમાત્માને આવરી રહેતા આકાશ તરીકે (અનુભવમાં) પ્રત્યક્ષ કર્યો.... (કલ્પનામાં) સમુદ્ર તરીકે દીઠો. પૃ.૧૧૭

૨ વૃ - ધાતુ ઉપરથી વૃત્રનું..... નામ પણ મળ્યું છે (તે ઘેરો ઘાલે છે.) તેને પણ જ્ઞાન હોય છે - મર્યાદિત અસ્તિત્વનું જ્ઞાન. પૃ.૧૧૭

૩ વરુણ પોતાના વિશાળ અસ્તિત્વની દર્શના વડે આ મર્યાદાઓને હટાવે છે. પૃ.૧૧૭

૪ વરુણની..... આકૃતિ...... ઓછી સ્પષ્ટ અને અનિશ્ચિત છે. પૃ.૧૧૮

૫ જૂના ભાષ્યકારોએ તેમને રાત્રીના દેવ ગણ્યા છે. પૃ.૧૧૮

૬ પુરાણોમાં..... સમુદ્રનો..... દેવ ગણ્યો છે. પૃ.૧૧૮

૭ યુરોપિયન વિદ્વાનોએ તેમનું તાદાત્મ્ય ગ્રીક યુરેનસ સાથે કર્યું છે. પૃ.૧૧૮

૮ વેદના મતે ફક્ત આકાશનો નહિ, ફક્ત સમુદ્રનો નહિ..... બધાં વિસ્તારો, વિશાળતાઓ, વરુણની છે (અવચેતનની પણ). પૃ.૧૧૮

૯ હિબ્રુ લોકોની (જગતની) ઉત્પત્તિ - કથા કહે છે કે સમુદ્રના પટ ઉપર અંધકાર છવાયેલો હતો..... પરમાત્માના ઉચ્છ્વાસે જળો ઉપર સંચાર કર્યો..... શબ્દો વડે જળોને, સ્વર્ગને, આકાશને વિભક્ત કર્યાં, જેને કારણે અત્યારે બે જળસમુદ્રો છે - એક પૃથ્વી પરનો, બીજો આકાશીય.

પૃ.૧૧૮

૧૦ ઋષિઓએ જોયું નીચે..... અચેતનનાં જળો હતાં..... ઉપર પ્રકાશનો સમુદ્ર. પૃ.૧૧૯

૧૧ ઋષિઓએ એક ત્રીજો સદા વિકસતો સચેતન અસ્તિત્વનો સમુદ્ર જોયો. પૃ.૧૧૯

૧૨ આપણે આ જોખમભરેલા સમુદ્રને પાર કરવો છે..... તો વરુણે આપણી મર્યાદિત સંકલ્પ-શક્તિને - તેના વિશાળ સત્યને..... આપવા જોઈએ. ઋષિઓ આપણી તે યાત્રામાં દોરવણી આપે છે. પૃ.૧૧૯

૧૩ વિશાળ, સુખમય પ્રકાશ, સૂર્યના વિસ્તૃત તેજો, જે વરુણનો સર્વભાવ છે..... અચેતન રાત્રિનો સમુદ્ર પણ વરુણનો જ છે. પૃ.૧૨૦

૧૪ વેદોમાં કહ્યું છે કે, સ્વર્ગીય સાત નદીઓનો તે વચેટ ભાઈ છે. (૮-૪૧-૨). પૃ.૧૨૦

૧૫ તેના હાથોમાંથી..... ગતિ કરતાં તે જળો, તેની પેઠે, સર્વવ્યાપક બની જાય છે. નદીઓ વરુણના ઋત્ પ્રત્યે ગતિ કરે છે. (૨-૨૮-૪). પૃ.૧૨૧

૧૬ તે પોતાના પ્રકાશમય પગ તળે બધી ભ્રાંતિઓને કચડી નાંખે છે અને સ્વર્ગમાં આરોહણ કરે છે. (૮-૪૧-૮). પૃ.૧૨૧

૧૭ યજ્ઞ વડે ઋત્‌ની શોધ કરનાર માણસને તે..... વધસ્તંભમાંથી છોડાયેલા બલિ-પુરુષની પેઠે, પાપનાં બંધનમાંથી મુક્ત કરે છે. પૃ.૧૨૧

૧૮ અજ્ઞાન વાસ્તવિક રીતે વિવિધ પ્રકારે કાર્ય કરે છે. (શૂનઃશેપના સૂક્તો જણાવે છે) મર્યાદિત જ્ઞાનયુક્ત મન, બિન અસરકારક પ્રાણ અને અસ્પષ્ટતાથી ગ્રસ્ત પાર્થિવ શરીરનાં ત્રણ પાશોથી શુનઃશેપને બલિ તરીકે વધસ્તંભ સાથે બાંધવામાં આવ્યો હતો. વરુણ..... આ ત્રણે પાશોને કાપી નાખે છે, ત્યારે આપણે અમૃતત્વ પ્રાપ્ત કરવા માટે મુક્ત બનીએ છીએ. ઉપલો મનનો પાશ ઊર્ધ્વમાં ઊડી જાય છે. (મન પાર-ચેતનાની ઊંચાઈએ ઊડે છે.) વચલો પાશ બધી બાજુએ ઊડી જાય છે. (પ્રાણ પોતાની ક્ષમતા બધાં ક્ષેત્રોમાં (વિશાલતામાં) પ્રગટ કરે છે.) નીચલો પાશ

નીચે પડી જાય છે. (શરીરોમાંનું તમસ અવચેતનમાં ખરી પડે છે.) પૃ.૧૨૨

૧૯ વરુણ સૂર્યરૂપી આંખ વડે જુએ છે. પૃ.૧૨૨

૨૦ જ્ઞાનયુક્ત વિચારરૂપે રહેલ વરુણ..... બધાં પાપોનો નાશ કરે છે. પૃ.૧૨૨

૨૧ આ વરુણ રાજાની સેવામાં હજારો વૈદ્યો હાજર રહે છે જે આપણી માનસિક, નૈતિક નિર્બળતાઓને મટાડે છે. પૃ.૧૨૩

૨૨ અનેક જન્મોવાળા (અનેક ક્ષમતા ધરાવતા) વરુણ છે વિશ્વાયુ (૪-૪૨-૧). પૃ.૧૨૩

૨૩ જ્ઞાન વડે મહાન બનેલા વરુણ..... મરુતો માટે માનવોના વિચારોનું રક્ષણ કરે છે. પૃ.૧૨૪

૨૪ અપરાજીત ક્રિયાઓ..... વરુણમાં પ્રતિષ્ઠિત છે. પૃ.૧૨૪

૨૫ વરુણ દિવ્ય-શબ્દને ઘાટ આપે છે. પૃ.૧૨૪

૨૬ સંકલ્પશક્તિમાં પૂર્ણ, અનંતતાનો પુત્ર..... વરુણ અમારા માટે સુગમ માર્ગની રચના કરો. પૃ.૧૨૪

૨૭ તેના જાસૂસો સર્વત્ર વિચરે છે. પૃ.૧૨૪

૨૮ વરુણ સૂર્યનો માર્ગદર્શક બને છે. પૃ.૧૨૪

૨૯ તે વિશુદ્ધ આત્માને હાનિ કરનાર તત્ત્વોનું ભક્ષણ કરે છે. પૃ.૧૨૫

૩૦ વરુણની દોરવણી હેઠળ આગેકૂચ કરતો યાત્રી બધાં સ્તરોમાં જન્મેલી બધી વસ્તુઓનું ગ્રહણ કરે છે. પૃ.૧૨૫

૩૧ વરુણ ત્રણ શ્વેત પ્રકાશયુક્ત પૃથ્વીઓમાં રહે છે. પૃ.૧૨૫

૩૨ પોતાના ત્રણ ઉચ્ચતર લોકમાંથી તે સાત અને સાતના સંવાદોનું શાસન કરે છે. પૃ.૧૨૫

૩૩ વરુણ વિશાળ અસ્તિત્વનો, વિશાળ જ્ઞાનનો, વિશાળ શક્તિનો..... રાજા છે. પૃ.૧૨૬

# અતિમનસનો આવિર્ભાવ

પ્રકરણ - ૪૦
(પૃ.૧૬૭-૧૭૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દ આ બે ઘટનાઓ વિષેના તફાવતની સમજણ આપે છે. નિયતિથી ચાલતી ઘટનામાં આપણને નિયતિ ખબર હોતી નથી અને તે તબક્કાએ નિયતિને અનુરૂપ કોઈ ઘટકો પણ દેખાતા હોતાં નથી.

પણ જો તમે તમારી ચેતનાને મનને શાંત કરી રાખો અને ઊર્ધ્વમાંની ચેતના પ્રત્યે તેનો પૂરેપૂરો ઉઘાડ રાખી શકો તો તમને તે ઘટનાના હાલના તબક્કાની પાછળ કામ કરતી અને તે મુજબ આયોજન કરતી દિવ્ય - શક્તિઓની પણ ઝાંખી થવા લાગે છે. બસ, તે દિવ્ય-શક્તિઓને સમર્પિત થઈ તેના માધ્યમ બનશો તો તે તમારી મારફત કાર્ય કરીને તે ઘટનાના તે તબક્કામાં જરૂરી ફેરફારો કરીને તેને વળાંક આપી શકે છે.

કાયમ ઊર્ધ્વક્ષેત્રની ચેતના નિમ્ન કક્ષાની ચેતનાએ નિર્માણ કરેલી ચેતનાની નિયતિમાં ફેરફાર લાવી શકે છે અને ઊર્ધ્વ-ચેતનાની નિયતિને આગળ વધારી શકે છે. આ જ ઘટનાઓને દિવ્ય-શક્તિઓ મારફત વળાંક આપવાનું રહસ્ય છે.

આમાં ઊર્ધ્વમાંના પ્રકાશને નિમ્ન કક્ષાની ચેતનાની નિયતિને બદલવા અવતરણ કરાવવામાં આવે છે. આ વાસ્તવિકતા અનુભવી શકો તો જ આ બધાં શબ્દો સમજાશે નહીં તો તે ખોખલા શબ્દો જ લાગશે.

અતિમનસના અવતરણનો અદિવ્ય - તત્ત્વો જે ઝનૂનથી વિરોધ કરી રહ્યાં છે તેથી જગતમાં જે અંધાધૂંધી પ્રવર્તી રહી છે તે શ્રી અરવિન્દને અપેક્ષિત જ હતી,

કારણ અતિમનસં અવતરણ અદિવ્ય - તત્ત્વો માટે મૃત્યુનો ઘંટારવ બની જવાનો છે. તે તત્ત્વો પોતાના અસ્તિત્વની અંતિમ લડાઈ લડી રહેલા હોવાથી જગતમાં આવી ઉથલપાથલો દેખાવી સહજ છે.

દિલીપકુમાર રૉયે બર્ગસનની વિકાસની વ્યાખ્યા જણાવી કે તેમાં પહેલા સમસ્યાઓ ચિંતાજનક બની જાય છે અને પછી તેમાંથી વિકાસની નવી દિશા વિકસે છે. શ્રી અરવિન્દ જાણે છે કે હાલની વિકાસની પદ્ધતિ આવી હોવા છતાં આ કાંઈ ચિરંતન સત્ય નથી. અતિમનસના અવતરણ અને તે સ્થાયી થયા પછી વિકાસમાં સંઘર્ષ સાથેનો વિકાસ એ ભૂતકાળની ઘટના બની જશે, પણ આનંદમય વિકાસ એ વાસ્તવિકતા બની જવાની છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે તેઓ જગતને કાંઈ એક ઝાટકે બદલવા માંગતા નથી પણ ભવિષ્યના વિકાસ માટે જે વસ્તુ કેન્દ્રિય મહત્ત્વની ખૂટે છે તેને કેન્દ્રમાં સ્થાપન કરીને તે વિકાસનો માર્ગ ખૂલ્લો કરી દેવા માગે છે અને તેનો ઉપાય છે અતિમનસ ચેતનાનું અવતરણ અને સ્થાપના જે નવી ચેતના હશે અને નવી શક્તિ પણ.....

---

(પુષ્ઠ ૪૧નું આગળ) **ધી મધર્સ એજન્ડા**

પુરુષની સીમા વટાવીને વૈશ્વિક પુરુષોનો - વૈશ્વિક ધરીનો આધાર લેવા માંડે છે તેથી માતાજીને વ્યક્તિગત ધરી વગરની ચેતના થઈ છે એવું લાગે છે.

આથી વિરુદ્ધ જ્યારે શરીરના પુરુષનો આધાર છોડીને ચેતના શરીરના કોષોમાં રહેલ પુરુષ રૂપી ધરીનો આધાર લઈ કોષોમાં સભાન બને છે ત્યારે પણ વ્યક્તિગત પુરુષની ધરી જાણે ચેતનાએ છોડી દીધી છે એવો અનુભવ આવે છે. આવે વખતે શરીરનો દરેક કોષમાંનો પુરુષ તે ચેતનાની ધરી અથવા કેન્દ્ર બની જતો હોવાથી તે સૂચવવા માતાજી હાવભાવથી હૃદયના વિવિધ કેન્દ્રો તરફ અંગુલિનિર્દેશ કરે છે. વૈશ્વિક પુરુષમાંનું જાગરણ એ ઊર્ધ્વમાંનો ચેતનાનો ઉઘાડ હોય છે. જ્યારે કોષ - પુરુષનું જાગરણ એ નિમ્નમાંનો ચેતનાનો ઉઘાડ હોય છે. બંને જરૂરી છે.

ચેતના પોતાની ધરીઓ - પુરુષોનો આધાર અથવા કેન્દ્ર કેવી રીતે બદલે છે તેની માતાજીને અહિં અનુભૂતિ આવી છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૪૫

## માનવીય લાગણીઓથી પ્રભુ પ્રેમ તરફ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **હૃદયને સુકવી નાંખવું, લાગણીશૂન્ય કરી મુકાવું..... આ આવશ્યક અંગ નથી..... સાધકે પોતાના માનવ ભાવોને ભગવદ્ અભિમુખ કરવા એ જરૂરી છે. પૃ.૪૧**
- **સામાન્ય લાગણીઓથી વિમુખ..... ઊર્ધ્વ શક્તિના સ્ત્રોતને માટે સ્થિર થઈને રાહ જુએ..... એ સ્થિતિઓ ખરું જોતા શુષ્કતાની નહિ પરંતુ નિરવતાની અને પ્રશાંત અવસ્થાઓ જ ગણી શકાય. પૃ.૪૧**
- **ચેતના ઊર્ધ્વમાં આરોહણ કરે નહિ ત્યાં સુધી હૃદયનું કેન્દ્ર..... ધ્યાન કરવાનું મુખ્ય કેન્દ્ર હોવું જોઈએ. પૃ.૪૧-૪૨**
- **સર્વે..... માટે કલ્યાણવૃત્તિ..... અંતરાત્માની માયાળુતા હોવી જોઈએ, પરંતુ આસક્તિ બિલકુલ હોવી જોઈએ નહિ. પૃ.૪૨**
- **સાધકનો પ્રેમ પ્રભુને માટે હોવો જોઈએ..... જ્યારે સંપૂર્ણપણે પ્રગટ્યો હોય..... ત્યારે જ તે બીજાઓને સાચી રીતે ચાહી શકે છે. પૃ.૪૨**

માનવીય લાગણીઓ અને પ્રભુનો નિસ્વાર્થ પ્રેમ વચ્ચે જે તફાવત છે અને તેમાં સાધકે કેવું વલણ લેવાનું છે તે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

સર્વ સામાન્ય સમાજમાં એવી જ માન્યતાઓ જ વર્તતી હોય છે કે સાધના એટલે એક પ્રકારનું આકરું અને હૃદયને સુકવી નાખનારું તપ જ છે. તપશ્ચર્યા જ

છે. આ લોક-લાગણીમાં એક પ્રકારની નિરસ અને શુષ્ક સાધના ચાલતી હોય છે. ઘણીવાર આ સમાજના નિયમોને કે અમુક-તમુક ધર્મમાં ઘર કરી ગયેલી માન્યતાઓ મુજબ સાધક સાધના કરતો હોય છે. માનવીય લાગણીઓનું જાણે કે ખૂન કરી નાખવામાં આવે છે અથવા તો સાધનાને બાહ્ય ચળકાટમાં ઊંડે અને ઊંડે દબાવી દેવામાં આવે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે પૂર્ણ યોગમાં આ માનવીય લાગણીઓ પણ પ્રભુને અર્પણ કરીને તેનો સાચી રીતે ઉપયોગ કરીને સાધના આગળ વધારી શકાય છે. અને આવા તબક્કાઓમાં સાધક માટે અમુક સમય ગાળો એવો આવે છે જ્યારે સાધક આ પ્રકારની માનવીય લાગણીઓને પ્રભુને અર્પણ કરતો હોય, પરંતુ તેનું સાચું સ્વરૂપ હજી પ્રગટ થઈને સાધકમાં સ્થિર થયેલું હોતું નથી. આવી સ્થિતિઓમાં સાધક એક ખુબ જ ખંતથી અને ધીરજથી નીરવતામાં રાહ જોતો હોય. પરંતુ આ પરિસ્થિતિઓ બાહ્યિક રીતે અન્ય લોકોને તો શુષ્ક જ લાગે છે. આ તબક્કાઓ ટૂંકા ગાળાના હોય છે. વળી સાધકની ચેતનાએ પણ હજી ઊર્ધ્વારોહણ કરેલ હોતું નથી અને સાધક જાણે છે કે તે બે પ્રકારની અવસ્થાઓમાં જીવતો હોય છે. આ સમયે સાચું વલણ શું હોવું જોઈએ તે પણ શ્રી અરવિન્દ જણાવે છે. સાધકને ઘણી વખત એમ પણ લાગે છે કે તેને ભ્રૂમધ્યમાં (મનના કેન્દ્રમાં) ધ્યાન કે એકાગ્રતા કરવી જોઈએ પણ શ્રી અરવિન્દ ખાસ જણાવે છે કે આવા સમયે સાધકે હૃદય કેન્દ્રમાં ધ્યાન કરવું જોઈએ. કારણ હૃદય કેન્દ્ર આંતર લાગણીઓથી નજીક રહેલું છે અને તેથી જ આ પ્રકારના હૃદય કેન્દ્રમાં ધ્યાન કરતા જ સાધક ઝડપથી પ્રભુની સમીપ પહોંચવા માંડે છે.

લાગણીઓના સાચા અને દિવ્ય સ્વરૂપને જાણ્યા બાદ સાધક અનુભવે છે કે કલ્યાણવૃત્તિ એટલે કે મંગળ ભાવનાઓ (good will) અને અંતરાત્માની માયાળુતા (soul's kindness) બધા પ્રત્યે સહજ રીતે જગાવવા માનવીય લાગણીઓને વટાવીને દિવ્ય લાગણીઓના પ્રદેશમાં પ્રવેશી ગયો હોય છે.

અને સાધકને હવે સમજાવા લાગે છે કે આ નિવ્યાર્જ મંગળ ભાવનાઓ અને અંતરાત્માની શુદ્ધ માયાળુતા જ પ્રભુ પ્રેમ તરફ જવામાં મદદરૂપ છે. તે હવે પ્રભુ

પ્રેમ તરફ વળે છે અને તે અનુભવે છે કે અન્ય લોકો પ્રત્યે સાચો પ્રેમ ત્યારે જ કરી શકાય છે જ્યારે પ્રભુના પ્રેમે સમગ્ર સ્વરૂપનો કબજો લઈ લીધો હોય છે. તેના માટે એક નવું પરિમાણ (new dimension) ખુલે છે, તે પ્રભુ પ્રેમને પામવા પોતાની યાત્રાને એક નવી જ દિશા આપે છે. તેને પ્રભુ પ્રેમનો આસ્વાદ આવવા લાગે છે.

શ્રી માતાજી કહે છે કે :

As long as you are for some and against others, you are necessarily outside the Truth.

You should constantly keep good will and love in your heart and let them pour out on all with tranquillity and equality.

16 December 1966 (CWM Vol 13, P. 191)

અને શ્રી અરવિન્દ જણાવે છે કે :

Cheerfulness is the salt of sadhana. It is a thousand time better than gloominess.

---

(પુષ્ઠ ૫નું આગળ)

**પ્રાર્થનાઓ અને ધ્યાન**

રીતે પોષે છે તેનો ખ્યાલ માતાજીને આવી રહ્યો છે. નવજાત શિશુ પૂરેપૂરું પોતાની મા ઉપર નિર્ભર હોવાથી તે તેને સમર્પિત બની રહે છે. તેની પ્રત્યે શંકા વગરની શ્રદ્ધા કેળવે છે. બસ આ વસ્તુઓ જ માતાજીના સમર્પણ અને શ્રદ્ધાને તીવ્ર બનાવી રહ્યાં છે.

માતાજી આશ્ચર્યથી અનુભવે છે કે આવું સમર્પણ અને શ્રદ્ધાએ ખરેખર તેમનામાં આશ્રિતનો, પરતંત્રનો ભાવ જગવવો જોઈએ, પણ તેના વિરુદ્ધ તેમનામાં પોતે વધુ સ્વતંત્ર છે, વધુ વિશાળ છે, એવો ભાવ જાગી રહ્યો છે.

માતાજી આ માટે પ્રભુનો પાડ માને છે. નવજાત શિશુનો ભાવ સ્વતંત્રતા અને વિશાળતા પણ આપે છે એ માતાજીને સમજાયું. માતાજી નવજાત બાળક બનીને રહી ગયાં છે.

## સાંજના વાર્તાલાપો
- શ્રી અંબુભાઈ પુરાણી

# શ્રી અરવિન્દની વર્તમાન સાધના અને અતિમનસનાં ત્રણ સ્તરો

(૧૫-૮-૨૩) (પૃ.૨૨૪-૨૨૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : આપની વર્તમાન સાધના કયા પ્રકારની ચાલી રહી છે ?

શ્રી અરવિન્દ : તે બહુ જટીલ છે. (શાંતિ.....) હું અતિમનસને શારીરિક અને તેની નીચેના અવચેતનમાં સ્થિર કરવામાં રોકાએલો છું. ભૌતિકતત્વ જડ છે. તેમાં સચેતન રહેવાની અનિચ્છા જ છે. તે જ સહુથી મોટો મને પ્રતિકાર છે.

આ કામ વેદમાં કહ્યું તેમ ભૂમિને ઊંડે ઊંડે ખોદતા જવા જેવું છે. આપણા સ્વરૂપમાં જ આ ખોદકામ કરવાનું હાય છે. ખોદકામ કરવું એટલે આપણા સ્વરૂપના જે તે સ્તરને સભાન કરતા જવું. જેમ જેમ સભાનતામાં ક્ષેત્રોનો વિસ્તાર થતો જાય છે, તેમ તેમ તેમાં ચેતનાની પોતાની સભાનતા (સ્વભાનતા) સ્થિર થતી જાય છે. અને આપણી ચેતના જીવનના પ્રસંગો દરમિયાન જે સ્તરે કામ કરતી હશે ત્યાં તે સ્વભાનતા જળવાઈ રહે છે. સ્વભાન યુક્ત ચેતના ઉપર નીચે પ્રસંગોપાત જુદાં જુદાં ક્ષેત્રમાં ચઢઉતાર કરતી હોય એમ લાગે છે. ચેતના સભાન બને છે ત્યારે તેને પોતાની અસીમતાના, વિશાળતાના આંતર દર્શન થતાં હોય છે અને સંવેદનો પણ જાગતા હોય છે. તે અસીમ ચેતના વિસ્તાર સ્વયંપ્રકાશિત લાગે છે.

આ રીતે સાધકે મનોમય, પ્રાણમય અને પાર્થિવ કક્ષાએ સ્વભાનતાનો પ્રકાશ સ્થિર કરવાનો હોય છે. દરેક કક્ષાએ આવો પ્રવેશ એ ચેતનાનો નવો જન્મ બની જાય છે.

અતિમનસ ચેતનાને શારીરિક કોષોમાં લાવી ત્યાં સ્થિર કરવાનો પ્રયત્ન

મારો ચાલુ છે. અતિમનસ ચેતના એટલે પ્રકાશમય અસીમ ચેતના સ્વરૂપ છે. જેમાં શાંત આનંદ અહર્નિશ પ્રગટ થતો હોય છે. તે આછો નીલ સુવર્ણમય પ્રકાશ જેવો લાગે છે.

આપણે મનોમય પ્રાણી હોવાથી મનોમય અનુભવના આધારે જ અતિમનસના ત્રણ સ્તરો સમજી શકીએ છીએ. મનોમય ક્ષેત્રમાં આંતર-દર્શનની મનની એક કક્ષા છે. તે ત્રણ તબક્કે થાય છે. તેના જેવા જ અતિમનસના ત્રણ તબક્કા અથવા સ્તરો છે. આંતર દર્શના જ વિકાસ પામીને અતિમનસમાં રૂપાંતરિત થાય છે.

**(૧) ભાવિની સમજૂતી (જ્ઞાન) આપનાર અતિમનસનું સ્તર** (વિગતો જણાવનાર)

આંતર દર્શનામાં જે શક્યતા સ્વરૂપ લાગે છે તે અતિમનસ કક્ષાએ પ્રભુનાં સત્ય સંકલ્પ તરીકે ઉપસી આવે છે. તે ક્ષમતાની શક્તિના મૂળ તરીકે વિકાસ પામે છે. આ શક્તિ તમને ભૌતિક સ્તરોએ ભાવિમાં વાસ્તવિક બનનારી ઘટનાઓ પાછળની શક્તિઓની ભાવિ લીલાનું જ્ઞાન કરાવે છે. આ જાણે ભાવિજ્ઞાન આપનારા હોય છે. આ અતિમનસનું નીચલું સ્તર છે. તે વિગતો આપનાર અતિમનસ છે.

**(૨) વાસ્તવિક ગતિ કરનાર અતિમનસ**

(સક્રિય આયોજન કરનાર અતિમનસ) આંતર-દર્શનાનો જે ભાગ સક્રિય બનવા પ્રેરણા આપે છે, તે જ વિભાગ અતિમનસ કક્ષાએ વિકસિત થતા સમજૂતી આપનાર અતિમનસના આધારે પ્રત્યક્ષ કાર્ય કરનાર અતિમનસ બની જાય છે. અને વૈશ્વિક શક્તિઓને અનુરૂપ ગતિમાં મૂકી આપે છે, જેથી તે ઘટના વાસ્તવિક બનવાના માર્ગે વિકાસ પામે આ પણ ઉચ્ચતમ અતિમનસ નથી પણ મધ્યકક્ષા છે. આ જાણે આયોજન કરનાર સ્તર છે. તે જાણેલી વિગતોને વાસ્તવિક કરવાની પ્રક્રિયામાં મૂકી દે છે. પણ હજી ઘટના તે રીતે જ બનશે તેની ખાતરી આપવામાં આવતી નથી. પ્રયત્ન શરૂ થઈ ગએલો છે, એટલું જ જણાવે છે.

**(૩) અંતિમ ઓપ આપનાર અતિમનસ**

(આજ્ઞાકારી અતિમનસ) તે આંતરદર્શન મૂજબ જ ઘટનાઓને વાસ્તવિક

કરી બતાડે છે. તેની શક્તિ અવિરોધ્ય હોય છે. અહિં પાછલા બે સ્તરે શરૂ થએલી પ્રક્રિયાને ભૌતિકસ્તરે વાસ્તવિક કરવામાં આવે છે. આ ઉચ્ચતમ સ્તર છે.

સારાંશ, પ્રથમ જ્ઞાન આપનાર અતિમનસ એ માહેશ્વરી સ્વરૂપ છે. આયોજન કરનાર અતિમનસ મહાકાળી અને મહાલક્ષ્મી સ્વરૂપ છે અને અંતિમ ઓપ આપનાર અતિમનસ મહાસરસ્વતિ સ્વરૂપ છે. બીજી રીતે સમજાવી એ તો કોઈ પણ કર્મ જ્ઞાન-ઈચ્છા કૃતિ આ ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. અતિમનસ પણ આ ત્રણ તબક્કાનુસાર જ સક્રિય બને છે. તે છે જ્ઞાન તે મુજબનો સંકલ્પ અને અંતે કાર્ય.

હાલની મારી સાધના આ અતિમનસના અંતિમ સ્તરને ભૌતિક કક્ષાએ સ્થિર કરવાનું કરવા સ્વરૂપની છે. આ માટે મારી ચેતના ઘણી વખત વધુ જાણકારી કે આયોજનની રૂપરેખા મેળવવા ઉપર નીચે જતી જ હોય છે. આ અતિશય નાજુક સ્થિતિમાં મારા શરીર ઉપર ક્યારે પણ વિરોધી શક્તિઓ હુમલો કરવાની શક્યતા વધી જાય છે કારણ આ કાર્ય સિદ્ધ થવું એટલે તેમનો સર્વનાશ એ નિશ્ચિત થવાનું છે.

બીજું, આ અંતિમ ઓપ આપનાર અતિમનસને હું બાહ્ય જગત ઉપર પરિણામ કરવા યોજી નથી રહ્યો પણ આ બધું મારા સ્વરૂપમાં જ કરવામાં આવી રહ્યું છે. તેમાં યશસ્વી થાઉ તો ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું અનુભવ સિદ્ધ જ્ઞાન મને મળશે જેના આધારે હું અન્યોને પણ તે સમજાવી ઉત્ક્રાંતિને આગળ ધપાવી શકીશ.

આ આંતરિક વિજય મેળવ્યા પછી જ માટે તેને બાહ્ય જગતમાં પણ યોજવાનું છે જેથી સાધકોને બાહ્ય વાતાવરણ અનુકૂળ બની રહે અને તેમની સાધનામાં અવરોધો ઓછા આવે.

હાલમાં જો શરીર ઉપર વિરોધી બળોનો હુમલો થાય તો તેને પાછો વાળવાની ક્ષમતા વિકસી છે પણ તે પૂર્ણ રીતે પરિણામકારક બને તે ગાળામાં કાંઈ પણ થઈ શકે એમ છે. આ પ્રક્રિયા પૂર્ણ થતાં જ શરીર ઉપરનો વિરોધી શક્તિઓનો હુમલો તાત્કાલિક ધોરણે ખાળીને તેને નિષ્ક્રિય કરી શકાશે. આ માટે મારે માટે પૂર્વ-નિશ્ચિત સાધનાનુસાર મારે સાધના કરવાની છે. (શ્રી અરવિન્દ માટે સપ્ત ચતુષ્ટયની સાધના નક્કી કરવામાં આવેલી.) *****

- માનસિંહ ચાવડા


# વૈદિક દેવો
# પિતૃઓ

પ્રકરણ - ૨૧

પિતૃગણોની અનેક જાતિઓ છે. જેવી કે નવગ્વા, દશગ્વા, વિરુપ, આંગિરસ, અથર્વન્, ભૃગુ, વસિષ્ઠ, સોમપાઃ, આજ્યપાઃ, અગ્નિ-શ્વાતાઃ બર્હિષદાઃ. તેઓ મરણપામેલાઓને તેમના માર્ગમાં મદદ કરે છે. પિતૃઓની અનેક શ્રેણિઓ પણ છે. અવર, પર, મધ્યમ, પૂર્વે, અપર વગેરે.

હવનમાંનું હવિષ્ય એ જ પિતૃઓનું ભોજન છે. અર્થાત કોઈએ પ્રેમથી અર્પણ કરેલી વસ્તુ જ તેમને સંતોષ આપે છે. આ પ્રકારનું અર્પણ એ પણ યજ્ઞ જ છે. તેથી તેમને પોષણ મળે છે અને તેઓ બીજો જન્મ લેવાની તૈયારીમાં લાગી જાય છે. આવી તૈયારીને ‘સ્વધા’ કહેવામાં આવે છે. સ્વધાનો અર્થ સ્વસ્ય અન્યરૂપ ધારયતિ ઈતિ. પોતાને નવા રૂપમાં ઢાળવું એ જ સ્વધા છે. સ્વાહાનો અર્થ પોતાના રૂપને પ્રભુમાં ઓગાળી નાખી નામશેષ કરી નાખવું. સ્વં રૂપં જિહાતિ ઈતિ સ્વાહા. તે પ્રભુ પ્રાપ્તિનો માર્ગ છે. દેવો સ્વાહાથી તૃપ્ત થાય છે, પિતૃઓ સ્વધાથી.

પિતૃઓ  તૃપ્ત થવાથી વંશજોને આત્મવિકાસ માટે જરૂરી ભૌતિક સુવિધાઓ આપે છે.

પિતૃઓમાં કવ્યવાહ, હવ્યવાહ પિત્રુઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે તેમજ સનકાદિ દિવ્ય માનવોનો પણ. આ ત્રણેએ ઉત્ક્રાંતિ દ્વારા ખૂબ જ આગળ પડતો વિકાસ કરેલો છે. પ્રભુના સંકલ્પોને ભૂતળે વાસ્તવિક કરવા તેઓ હજી સૂક્ષ્મ દેહે કાર્ય કરી રહ્યાં છે.

સનકાદિ દિવ્યમાનવો પહેલા અન્ય ગ્રહની ઉત્ક્રાંતિમાં વિકાસ પામ્યાં છે અને

ત્યાંથી પૃથ્વી ઉપર ઉત્ક્રાંતિને શરૂ કરવા માટે જાણે તેમને અહિં લાવવામાં આવ્યા છે. શ્રી અરવિન્દે આનો જ ઉલ્લેખ સાવિત્રીના પ્રથમ બુકમાં જ એક અનામી સત્વનો પૃથ્વી ઉપર જન્મવાના પ્રયત્ન તરીકે વર્ણવેલ છે. તેમણે ચેતનાના વિકાસનો આગળનો તબક્કો અહિં પૃથ્વી ઉપર મેળવ્યો છે. તેમને દિવ્ય માનવો કહે છે અને તેમને બ્રહ્માના માનસપુત્રો ગણવામાં આવે છે. હવે તેઓ પોતે ઉત્ક્રાંત થવા નહિ પણ અન્યોનો વિકાસ કરવા પૃથ્વી ઉપર જન્મ લે છે અને તેઓ પૃથ્વીના વિકાસ માટે સૂક્ષ્મજગતમાં રહી પ્રયત્નશીલ હોય છે. થિઓસોફીમાં આમના કાર્યની ઝાંખી મળે છે.

હવ્યવાહ પિત્રુઓના જ્યોતિષ્વાતાઃ સોમપાઃ આજયપાઃ અને બર્હિષદ પ્રકાર છે. જે પિતૃઓ પ્રભુના પ્રકાશ ઉપર નભે છે. તેમને જ્યોતિષ્વાતાઃ પિતૃઓ કહે છે. તેઓ તપોલોકના નિવાસી છે અને માનવોના વિકાસના કાર્યમાં રસ લે છે. જેઓ પ્રભુના માનસિક આનંદ (સોમ) ઉપર નભે છે તેમને સોમપાઃ કહેવામાં આવે છે. તેઓ જનલોકના નિવાસી છે. જ્યોતિષ્વાતાઃ ને સાધર્મ્ય મુક્તિ મળેલી છે તેઓને પ્રભુ જેવા જ વ્યાપકતા, સર્વાન્તર્યામી, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા વગેરે સ્વભાવ ધર્મો થોડાં પ્રમાણમાં પ્રાપ્ત થએલા હોય છે. સોમપાઃ પિતૃઓને થોડાં પ્રમાણમાં સારુપ્યમુક્તિ મળેલી હોય છે. તેઓ પ્રભુના સ્વરૂપ જેવા જ મનોમય આનંદમય બની ગએલા હોય છે. ત્રીજા આજપાઃ પિતૃઓ પ્રભુના પ્રેમ ઉપર (આજય), આનંદ ઉપર નભે છે. ભક્તિમાં લયલીન હોય છે. બર્હિષદઃ એટલે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાંથી બહાર નિકળી અક્ષરબ્રહ્મ સ્વરૂપ, અચલ બ્રહ્મ સ્વરૂપ બની ગયા છે તેવા પિતૃઓ. આ ચાર સાક્ષાત્કાર પામેલા પિતૃઓનાં પ્રકાર છે. અને તેઓને હવ્યવાહ કહે છે. પ્રભુના જે સંકલ્પો જગતમાં વાસ્તવિક થવા નીચે ઉતરતા હોય છે તેને 'હવ્ય' કહે છે. તે જાણે વૈશ્વિક યજ્ઞમાં અપાતી પ્રભુની આહૂતિરૂપ હોય છે. તેમને નીચે જગતમાં વાસ્તવિક કરવા આ પિતૃઓ કાર્ય કરે છે. તેથી તેઓ હવ્યનું વહન કરે છે એમ કહે છે. તેથી હવ્યાવાહાઃ.

કવ્ય એટલે માનવોની અભીપ્સા અને પ્રાર્થનાઓ જે ઉપર ચડી પ્રભુને

પહોંચે છે તે. તેમનું વહન કરનારા પિતૃઓને કવ્યવાહ કહે છે. તેઓ પ્રભુ સાથે માનવોનો સંપર્ક સ્થાપી દે છે.

આ હવ્ય અને કવ્યના વાહક સિવાયના જેઓ પોતાના વિકાસ માટે જન્મમરણના ચક્રમાં ફરે છે તેમના વિકાસ અનુસાર અવર (ઓછા વિકસિત) મધ્યમ, પર (શ્રેષ્ઠ) અને માનવ બન્યા પહેલાની અવસ્થાનાં (પૂર્વે) એવા પ્રકાર છે. જે માનવ જીવન દરમિયાન ખૂબ વિકૃત થઈ ગયાં છે, તેઓ નરકમાં વાસ કરનારા 'વિરુપ' (ભયંકર આકૃતિવાળા) પિતૃઓ કહેવાય છે. જેમણે સપ્તયોગચક્રોનો અને મસ્તકના ઉપરના બે યોગચક્રોનો મળીને નવ યોગચક્રોનો વિકાસ કરીને પ્રગતિ  કરી છે તેમને નવગ્વા કહે છે. (નવ યોગકેન્દ્રોને જાણનાર) જેમણે આ નવ ઉપરાંત અવચેતન અને અચેતનનાં કેન્દ્રોનો પણ વિકાસ કરેલ છે. તેઓ દશગ્વા કહેવામાં આવે છે. 'ગ્વા' એટલે જ્ઞાતા - જાણકાર. જેઓ વિકાસ માટે અગ્નિની ઉપાસના (શરીરમાંના પ્રકાશની) કરે છે. તેમને આંગીરસઃ, જે શ્રીવિદ્યાનુસાર અર્થાત્ પોતાના પ્રભામંડળને પ્રકાશથી દિવ્ય કરવાની સાધના કરે છે તેમને ભૃગુ. (તે ભૃગુ વંશની ખાસ વિદ્યા હતી તેથી) જેઓ પ્રાણની ઉપાસના કરી પ્રાણયામ દ્વારા કૈવલ્યની પાતંજલયોગ મુજબ સાધના કરે છે તેઓ અથર્વન્ પિતૃઓ કહેવાય છે, અથર્વન્ એટલે અચલ શુદ્ધ ચેતનામાંથી ન ઢળતા, ચલિત ન થતા પિતૃઓ આ બધા હજી વિકાસપ્રક્રિયામાંના જ પિતૃઓ છે, જેઓ જન્મ મરણના ફેરામાંથી મુક્ત થયાં નથી.

જગતમાં મૂળભૂત પાંચ યોનિ વર્ણવેલ છે દેવ, પિતૃઓ, માનવો, ગંધર્વો અપ્સરાઓ. દેવાઃ પિતરો મનુષ્યા ગંધર્વાપ્સરસશ્ચયે (અથર્વ. ૧૦.૯.૯)

પિતૃઓને પણ યજ્ઞમાં બોલાવવામાં આવે છે. તેઓ યજ્ઞ વેદીની દક્ષિણ દિશામાં સહુથી બહારના કાંગરા ઉપર ઢીંચણવાળીને બેઠા હોય છે એવા વર્ણનો જોવા મળે છે ઢીંચણ વાળીને બેસવું તેને 'વિરાસન' કહે છે. આ તેમની પોતાની સાધના ઉપરની દૃઢ શ્રદ્ધાનું પ્રતીક છે. તેઓ હવિષ્યાન્ન (યજ્ઞમાંથી વધેલી યજ્ઞ સામગ્રી) સ્વીકારે છે અને યજમાનની ક્રિયા-પ્રક્રિયામાં થતી ભૂલોની ક્ષમા અપાવે

છે. તેમનાં પ્રકાર નીચે મુજબ વર્ણવેલાં છે : આંગિરસો, નઃ પિતરો નવવા અથર્વાણો, ભૃગવઃ સોમ્યાસઃ (અથર્વ ૧૮-૧-૧૫૮) અર્થાત્ તે નીચે મુજબના પિતૃઓ છે જેમણે શરીરમાં તીવ્ર સુવર્ણમય પ્રકાશ ધારણ કરેલા આંગિરસે, જેમણે મસ્તક ઉપરનાં કેન્દ્રમાંની ઊર્ધ્વચેતનાને ધારણ કરેલી છે અર્થાત્ નવમદ્વારના જાણકાર. નવગ્વા, જેમણે અચલ બ્રહ્મનો સાક્ષાત્કાર કરેલ (અથર્વ એટલે અચલ) અર્થવાણો. જેમણે શ્રી વિદ્યાનુસાર સાધના કરી કોષોમાં પ્રકાશને સ્થિર કર્યો છે ભૃગવઃ (ભૃગુએ આ સાધના પદ્ધતિ શોધી છે) જેમણે ચાંદની જેવો સૌમ્યપ્રકાશ ધારણ કરેલ છે - સૌમ્યાસ. તે પૈકી સૌમ્યાસઃ પિતૃઓના ફરી પાંચ પ્રકાર પડે છે અવર, પર, મધ્યમ્, પૂર્વ અને અપર - ઉદીરતામવર ઉત્પરાસ ઉન્મધ્યમાઃ પિતરાઃ સૌમ્યાસઃ (અથર્વ ૧૮-૧-૪૪)

સારાંશ, જીવન-કાળમાં ખાસ સાધના પદ્ધતિથી સાધના દ્વારા જે ચેતનાની અવસ્થા રચાઈ હોય છે, તે મૃત્યુ બાદ સૂક્ષ્મશરીરમાં ચાલુ રહે છે, આવા સૂક્ષ્મ શરીરધારી સાધકો જ પિતૃઓ બને છે. તેમાં સામાન્ય નિમ્ન-ચેતના ધરાવતા પિતૃઓથી માંડી સત્યપ્રાપ્ત કરેલા પિતૃઓ સુધીની વિવિધ કક્ષાઓ હોય છે. તેઓ માનવોને મદદરૂપ થાય છે.

---

(અનુ. ૪૭ ઉપરથી)

## જાતક કથાઓ

આ ચોર વાંદરીને તેમની ઈર્ષા થઈ આથી તેણે બખોલમાં સંતાડેલો નવલખો હાર પહેરી બીજી વાંદરીઓમાં જઈ બેઠી. બધી વાંદરીઓ તે હારને જ જોવા લાગી.

સૈનિકોનું નવલખા હાર તરફ ધ્યાન ખેંચાયું. મંત્રીએ વાંદરીને પકડવાનો આદેશ આપ્યો. વાંદરી હાર નીચે ફેંકી દઈ જીવ લઈને નાઠી. સૈનિકોએ હાર મંત્રીને આપ્યો. મંત્રીએ રાજાને આપી સાચી વાત કરી. રાજાએ કઠિયારો, પૂજારી અને નર્તકીને છોડી મૂક્યા.

ચોરી વહેલી મોડી પકડાય જ છે. બીજાના હક્કનો માલ પચતો નથી. વળી તેને કારણે નિર્દોષો પણ દંડાય છે. ચોરી કરવી પાપ છે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# સામાન્ય ચેતના અને નવી ચેતના

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

In the ordinary consciousness, there is a sort of axis and everything revolves around it... The consciousness may extend more or less far. be more or less high, more or less strong but it revolves about that axis and now for me, there is no axis... The consciousness can move here or there (gesture to the various cardinal points) - 1962-147

દરેક માનવ ત્રણ શરીરો ધારણ કરે છે. તે પોતે ત્રિમૂર્તિ છે. આ ત્રણ શરીરો દ્વારા તે પોતાની ચેતનાને પ્રકટ કરતો હોય છે. મૂર્ત કરતો હોય છે. તેથી આ ત્રણ શરીર એટલે તેની ત્રણ મૂર્તિઓ છે. આ ત્રણ શરીર એકથી એક વધારે સૂક્ષ્મ અને વિશાલ હોય છે. સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર આ તે ત્રણ શરીરો છે. આ શરીરોના સંચાલન માટે ચેતનાએ દરેક શરીરમાં એક કેન્દ્ર નિર્માણ કરેલ છે તે કેન્દ્ર મારફત ચેતના તે શરીરનું નિયંત્રણ અને સંચાલન કરે છે. આ કેન્દ્રને જ 'પુરુષ' કહેવામાં આવે છે. ભૌતિક શરીરનું સંચાલન બાહ્યપુરુષ અથવા અહંકાર કરે છે. સૂક્ષ્મ શરીરનું સંચાલન આંતરપુરુષ અથવા અંતરાત્મા કરે છે અને કારણ શરીરનું સંચાલન ચૈત્યપુરુષ કરે છે.

આ ત્રણે પુરુષ ચેતનાના પ્રકટીકરણની ત્રણ ધરી છે - આ ધરીના આધારે ચેતના જે તે શરીરમાં ફેલાતી હોય છે અથવા એક ઠેકાણે એકાગ્ર થઈને આકુંચન

પામતી હોય છે. ચેતના સતત સ્પંદન દ્વારા આકુંચન પ્રસરણ પામતી હોય છે પણ ક્યારે પણ પોતાની આ ધરી - પોતાના શરીરના પુરુષનો આધાર છોડતી નથી.

ચેતનાના આ પ્રકારના ફેલાવાની સ્થિતિ ઉપરથી વિવિધ સિદ્ધિઓના નામ પડ્યાં છે. આકુંચન પામવાની બે અવસ્થાઓ અથવા સિદ્ધિઓ છે. 'લઘિમા' અને અણિમા જે તે શરીરના વિસ્તાર કરતાં ઓછા વિસ્તારમાં ફેલાઈને રહેવું તે લઘિમા (લઘુ + નાનું થવું) અને ફક્ત 'પુરુષ'માં જ એકાગ્ર થઈને રહેવું એટલે 'અણિમા' (અણુ + સૂક્ષ્મ અંશ) પ્રસરણની સ્થિતિની બે સિદ્ધિઓ છે. ગરિમા અને મહિમા. સ્થૂલ શરીરની બહાર સૂક્ષ્મ શરીરમાં અને કારણ શરીરમાં ફેલાવું તે ગરિમા (ગુરુ = વિસ્તાર પામવું) અને કારણ શરીરની પણ બહાર ફેલાઈને વૈશ્વિક શરીરોમાં પ્રવેશી ત્યાં ફેલાવું એટલે મહિમા (મહાન = મહાન બનવું)

ચેતનાના શરીર ઉપરના નિયંત્રણની અવસ્થા ઉપરથી પણ બે સિદ્ધિઓનાં નામ પડ્યાં છે. તે છે 'ઈશિત્વ' અને 'વશિત્વ'. ત્રણ શરીર ઉપર નિયંત્રણ સ્થાપવું એટલે વશિત્વ (વશ = નિયંત્રણમાં લાવવું) અને ત્રણે શરીરની બહાર વૈશ્વિક શરીરોમાં પણ ચેતનાને ફેલાવવું અને વૈશ્વિક શક્તિઓની મદદથી અન્યોનાં શરીરને પણ સંચાલિત કરવા એટલે 'ઈશિત્વ'. (ઈશ = નિયંત્રક, શાસક, શ્રેષ્ઠ)

નિયંત્રણના પ્રકાર ઉપરથી બે સિદ્ધિઓના નામ પડ્યાં છે. 'પ્રાપ્તિ' અને 'પ્રાકામ્યા'. ત્રણે શરીરની વર્તમાન ક્ષમતાઓ ઉપર સ્વામિત્વ મેળવવું, એકરૂપ થઈ પ્રાપ્ત કરવું એટલે 'પ્રાપ્તિ' અને ત્રણે શરીરની બહાર એકરૂપ ન થતાં સંકલ્પ શક્તિના પ્રભાવ દ્વારા શરીરો ઉપર નિયંત્રણ મેળવવાનાં પ્રયત્નો કરવા તે 'પ્રાકામ્ય' (પ્રકામ્ = તીવ્ર ઈચ્છા)

જેમ વ્યક્તિનાં ત્રણ શરીર છે તેમ આપણી સૂર્યમાળાના, આપણા આ વિશ્વના પણ ત્રણ શરીરો છે જેમને અનુક્રમે ઈશ્વર (વૈશ્વિક કારણ શરીર) હિરણ્યગર્ભ (વૈશ્વિક સૂક્ષ્મ શરીર) અને વિરાટ (વૈશ્વિક સ્થૂલ શરીર) કહેવાય છે. આપણા ત્રણે શરીરો આ વૈશ્વિક ત્રણે શરીરોના અંશ માત્ર છે.

વૈશ્વિક શરીરમાં ચેતના પ્રવેશે છે ત્યારે તે પોતાની વ્યક્તિગત ધરી અથવા

(અનુ. પૃષ્ઠ ૨૯ ઉપર)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કામવાસના - ખોરાક - નિદ્રા

પ્રકરણ - ૧૩ (પૃ. ૪૮-૫૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (અ) કામવાસના

૧ **શું કામવાસના સાધનામાંનું મોટું વિઘ્ન છે ?**
તે સાધનામાં આવતા મોટા વિઘ્નોમાંનું એક છે. પણ વિઘ્ન જરૂર છે જ.

૨ **શું વધુ ખાવાથી કામવાસના વધે છે અને ઓછું ખાવાથી ઘટે છે ?**
તેના કરતા એમ કહેવું યોગ્ય થશે કે અમુક પ્રકારનો ખોરાક લેવાથી વધે છે એવું માનવામાં આવે છે. દા.ત. માંસાહાર, ડુંગળી, લસણ, મરચાં વગેરે.

૩ **શું લાલચ, ક્રોધ, અદેખાઈ આ કામવાસનાના સાથીદારો છે ?**
તે કામવાસનામાંથી જન્મે છે અથવા તેની સાથે ભળી જતાં હોય છે. દા.ત. એક વખત કામવાસના સંતોષાય તો ફરી સંતોષવાની લાલચ જન્મે છે. તેમાં અવરોધ આવે તો ક્રોધ જન્મે છે. બીજાને તે ભોગવવા મળે અને પોતાને ન મળે તો અદેખાઈ નિર્માણ થાય છે.

૪ **કામવાસનાને અગત્યતા આપવાથી તે વધે છે. અહિં અગત્યતાનો અર્થ શું ?**
અગત્યતા આપવી એટલે સતત તે બાબતનો વિચાર મનમાં ઘોળાતો રાખવો. તે ભોગવ્યા સિવાય જીવન વ્યર્થ છે એવું માનવું.

૫ **કામવાસનાની અગત્યતા ઘટાડવા શું કરવું ?**
જીવનમાં પ્રભુ ચિંતન જ મહત્વનું છે, આ વસ્તુ મનમાં ઠસાવવી જોઈએ. કામવાસનાના વિચારોને જાકારો આપવો જોઈએ. તેમાં રસ લેતા બંધ થવું જોઈએ. કામવાસનાના વિચારો આવે ત્યારે પોતાને તેથી અળગા કરી સાક્ષીભાવ ધારણ કરવો જોઈએ. જેથી તે વિચારોનો પરિણામ પ્રાણ અને શરીર ઉપર ન થાય.

૬ **કામવાસના સાથે બથંબથ્થી કરીને તેની ઉપર વિજય પ્રાપ્ત કરવાની તે રીત**

**ખોટી છે. આ વિચારો સાથે બથંબથ્થી કરવી એટલે શું કરવું ?**

જો કામવસનાના વિચારો તમારા મનમાં ઘોળાતા હોય અને તેનો ચેપ પ્રાણને લાગે, તે કર્મો સ્વરૂપે શરીરદ્વારા પ્રગટ ન થાય માટે તેને વિચાર સ્વરૂપમાં જકડી રાખી દબાવી દેવાનો પ્રયત્ન કરો છો, તેને હતબલ કરી અને બહાર ફેંકી દેવાને બદલે અંદર જ રાખી તેને દબાવો છો. આને શ્રી માતાજી બથંબથ્થી કહે છે. ખરેખર તો તેને મનની બહાર ફેંકી દેવાની ક્રિયા કરવી જોઈએ. મનમાં જ કેદ કરવાની નહિ.

૭ **અયોગ્ય ગતિવિધિ ઉપર કાબુ મેળવવાથી તમે તેને દબાવી દો છો. નષ્ટ કરતા નથી. સદંતર દૂર કરવા તો તેનો સંપૂર્ણ ત્યાગ કરવો જ જરૂરી છે. તો પછી તે તેવી ગતિવિધિઓ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન જ ન ગણાય. સીધેસીધી તેમને બહાર ફેંકી દેવાઈ હોય તો પછી આપ તેમની ઉપર કાબુ મેળવવાનું શા માટે કહો છો ?**

કારણ તેમને સીધેસીધી બહાર ફેંકી દેવાની ક્ષમતા બધામાં જ હોતી નથી. જો તેમનો ત્યાગ ન કરી શકાય તો ઓછામાં ઓછો તેમની ઉપર કાબુ તો રાખવો જ પડશે, જેથી તે વધુ નુકશાન ન કરે. વધારે અવરોધો ન રચે. બીજું, કાબુમાં લીધાં પછી તેમનો ત્યાગ કરવો પણ સહેલો જાય છે અને શક્ય પણ બને છે.

૮ **જાતીય વાસનાનું ઓજસમાં રૂપાંતર કેવી રીતે કરાય ?**

તપસ્યા દ્વારા જ આ કાર્ય થાય છે. તમે તપસ્યાથી મન, વાણી ઉપર આત્મસંયમ સ્થાપો. પછી સંકલ્પબળે વીર્યને ઊર્ધ્વગતિ આપવામાં આવે છે. આ જ ક્રિયા શક્તિનું અવતરણ કરાવીને પણ કરી શકાય છે. તે શક્તિને કામવાસના કેન્દ્ર ઉપર એકાગ્ર કરવાથી તે ઊર્ધ્વગામી બની જાય છે.

[ઊર્ધ્વગામી બનેલું વીર્ય શરીરના કોષોના નિર્માણમાં વપરાય છે બોનમેરોમાં પ્રાથમિક શારીરિક કોષ રચાય છે. તે પછી જે અવયવમાં જઈ તેનો અંશ બને છે તેને અનુરૂપ પોતાને વિકસાવે છે.

શારીરિક કોષો ચેતનાના અને પ્રાણશક્તિના તથા શારીરિક વિદ્યુતના વાહક હોય છે. તેનું પ્રમાણ વધતા વિદ્યુત શક્તિનું જ રૂપાંતર પ્રથમ સૌમ્ય તેજ રૂપ સોમમાં (ચાંદની જેના પ્રકાશમાં) અને શક્તિરૂપ ઓજસમાં થાય છે. ઓજસનું રૂપાંતર પછી માનવમાંના વૈશ્વાનર અગ્નિમાં થાય છે. જૂઓ ગીતા અધ્યાય-૧૫ શ્લો.૧૩-૧૪] બધાં જ તત્વોનું રૂપાંતર આ રીતે જ કરાય છે.

# વિશ્વનો વિકાસ : પ્રભુનો આવિર્ભાવ (૮૨-૮૫)

પ્રકરણ - ૫૧
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૮૦-૧૮૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) જેની પ્રકૃતિને હજી સુધી આપણે પહોંચી શકતા નથી અથવા જાણી શક્યા નથી, જેને પ્રાપ્ત કરવાનાં સાધનો હજી આપણે મેળવી શક્યા નથી, તેને આપણે અતિ-પ્રાકૃતિક કહીએ છીએ. માણસોને ચમત્કારો ગમે છે એ હકીકત બતાવી આપે છે કે માનવનું આરોહણ હજી પરિપૂર્ણ બન્યું નથી. (૮૨)**

**(૨) ઈન્દ્રિયાતીત વસ્તુઓમાં વિશ્વાસ ન મૂકવો તે તાર્કિકતાયુક્ત અને ડાહ્યાપણું છે. પણ તેમાં વિશ્વાસ મૂકવો તે પણ એક પ્રકારની પ્રજ્ઞા છે તે સમજવું જરૂરી છે (૮૩)**

**(૩) મહાન સંતોએ ચમત્કારો કર્યા છે, વધુ મહાન સંતોએ ચમત્કારોને વખોડી કાઢ્યા છે, સહુથી મહાન સંતોએ એવા ચમત્કારોને વખોડી કાઢ્યા છે. તેમજ પોતે કર્યા પણ છે. (૮૪)**

**(૪) આંખો ઉઘાડીને જુઓ કે સાચી રીતે વિશ્વ અને ભગવાન શું છે, ખુશ કરનારી મિથ્યા કલ્પનાઓને દૂર કરી દો. (૮૫)**

* * * *

બાળક : બાહ્ય ચેતના ઉપરના વિજય માટે શ્રી અરવિન્દે કોઈ વખત ચમત્કારો કર્યા નથી. તેનું કારણ શું?

માતાજી : શ્રી અરવિન્દ માનતા કે ભૌતિક અને પ્રાણમય જગતમાં હસ્તક્ષેપ કરવામાં નિશ્ચિત પરિણામ આવશે જ એ બાબતની ખાતરી અને તેમાંથી નિર્માણ

થતી પ્રક્રિયા ઉપર અંકુશ રહેતો નથી. તેથી તે હાનિકારક પૂરવાર થઈ શકે છે. પણ શ્રી અરવિન્દે મનના ક્ષેત્રમાં અગણિત ચમત્કારો કરેલાં છે. પણ તે સમજવા સાચી વિશુદ્ધ સમજણયુક્ત દૃષ્ટિ હોવી જરૂરી છે. ભૌતિક અને પ્રાણમય ચમત્કારોને કારણે ઘણી વખત અંધશ્રદ્ધા પણ વધી જાય છે. પ્રાણમય જગતના સત્વોની મદદથી થતાં ચમત્કારો તે સત્વોને વધારે પ્રભાવી બનાવી દે છે. તે સત્વોમાં ઉગ્ર વિકારો અને વિકૃતિઓ હોય છે તેનો પ્રસાર સારો હોતો નથી.

બાળક : માતાજી, મનનાં ક્ષેત્રનાં ચમત્કારો કયા?

માતાજી : મનમાં અતિમનસને દાખલ કરી ત્યાં અતિમાનસિક ક્ષમતાઓ પ્રગટાવવાના પરિણામોને કારણે તે પરિણામો બુધિગમ્ય ન હોવાથી ચમત્કારોમાં ખપી જતા હતા. દા.ત. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મિત્ર રાષ્ટ્રો માટે તેમણે કરેલાં અતિમાનસિક બળના પ્રયોગો. તેમાં અવ્યવસ્થાને ઠેકાણે એક ઊર્ધ્વમાંની સુવ્યવસ્થા અને સંવાદમયતા રચવામાં આવતી હતી. પણ આ બધું સમજનારા બહુ ઓછાં હતા. તેમાં તેઓ આધ્યાત્મિક - સુસંવાદિતાની સ્થાપના કરતા.

બાળક : માતાજી, શ્રી અરવિન્દ એક ઠેકાણે ચમત્કાર જેવું કાંઈ નથી એમ કહે છે પણ સાવિત્રીમાં તેઓ અહિ સર્વ ચમત્કાર જ છે અને ચમત્કારોથી જ બદલાય છે એમ જણાવે છે.''

માતાજી : વસ્તુની તરફ જોવાના આ બે દૃષ્ટિકોણ માત્ર છે. જેનું સ્પષ્ટિકરણ આપણે જાણતા નથી તે બધાં ચમત્કારો જ છે. અને એવી અસંખ્ય વસ્તુઓ છે.

બાળક : તો માતાજી, સાચો ચમત્કાર કોને કહેવાય?

માતાજી : પ્રભુની દૃષ્ટિએ ચમત્કાર જેવું કાંઈ નથી કારણ તે દરેક વસ્તુની હયાતીનો ઉદ્દેશ અને તેની ક્રિયા બધું જ જાણે છે. પ્રભુ પણ પોતાની એક શાશ્વત પ્રક્રિયાનો માર્ગ જાણે અનુસરે છે. તેઓ ક્રમેક્રમે પોતાને પ્રગટ કરી રહ્યાં છે. આ ગટીકરણમાં વિકાસ, ઉત્ક્રાંતિ, પ્રગતિ દેખાય છે. દરેક વસ્તુમાં તેના વિકાસની સામગ્રી રહેલી જ છે. તે ફક્ત વ્યક્ત થતી હોય છે. જે તેમાં નથી તે વસ્તુ વ્યક્ત પણ થતી નથી. તેથી જ્યાં નથી ત્યાં તદ્દન નવી વસ્તુ રચાવી એવા પ્રકારનો ચમત્કાર

શક્ય જ નથી. અભાવમાંથી કાંઈ જન્મતું નથી. (નાસતો વિદ્યતે ભાવો - ગીતા)

મર્યાદિત - ચેતનાને જ ચમત્કારો લાગે છે. તેમાં જ્ઞાનની મર્યાદાઓ હોય છે તેના બહારની વસ્તુ રચાય તેને તે ચમત્કાર ગણે છે.

પ્રભુ માટે બધું જ શક્ય છે. તેથી તેમની દૃષ્ટિએ ચમત્કાર નથી. માનવી કલ્પના અને અપેક્ષા બહાર બને છે. તેને તેઓ ચમત્કાર ગણે છે.

કેળવણીમાં આપણે આ બન્ને વૃત્તિનો સમન્વય કરવાનો હોય છે. જીવનમાં હાલમાં નથી એવી દિવ્યતા પ્રગટ થશે જ, તેવો ચમત્કાર થશે જ એવી શ્રદ્ધા અને ભૌતિક વિજ્ઞાનનો અભ્યાસ કરીને અંધશ્રદ્ધાઓનો નિકાલ કરવો.

ખરેખર આ બન્ને એક જ વસ્તુનાં બે પાસાં છે. તે જાણવા માટે વિવેકદૃષ્ટિ વિકસાવવી પડે છે. જેમાં આગામી વિકાસમાં હાલ નથી તે પણ વાસ્તવિક બનશે તેની ખાતરી હોય છે અને હયાત જગત માટેની સાચી વૈજ્ઞાનિક સમજણ પણ હોય છે.

શિક્ષણમાં આવો સમતોલ વિકાસ ખૂબ જ મહત્વનો છે.

ફક્ત ચમકારોની અપેક્ષા એ અજ્ઞાનની નિશાની છે. તે અપેક્ષાને અભીપ્સામાં ફેરવી નાખવી જોઈએ કે સર્વસમર્થ પ્રભુ જગતમાં અવ્યક્તરૂપે રહેલ છે. પણ તેને પ્રગટ કરી શકાય છે, તેવી શ્રદ્ધા જરૂરી છે અને તે શ્રદ્ધાને પ્રાર્થના, ધ્યાનથી પોષવી જરૂરી છે.

ઘણા તર્કવાદીઓ કહે છે કે પ્રભુને જે કરવાનું છે તે કરે જ છે. તમારી પ્રાર્થનાની તેને જરૂર નથી. એ વાત સાચી હોવા છતાં તમારી પ્રાર્થના, (પ્રભુ પોતાનો આવિર્ભાવ મારામાં કરો) એ જે ઊર્મિમય આંદોલન તમારામાં જગાવે છે તે, તે આવિર્ભાવની પ્રક્રિયામાં જોમ પૂરે છે.

પહેલેથી જ જગત પૂર્ણ હોત તો પ્રગતિનો આનંદ જ મળત નહિ. પણ પ્રભુને તો પોતાનો આનંદ જ વ્યક્ત કરવો હતો. તેથી ઉત્ક્રાંતિની ક્રમિકતા ગોઠવી છે અને તેમાં પ્રાર્થના, ધ્યાન, અભીપ્સાને સ્થાન છે.

# ચોરી : એક પાપ

પ્રકરણ - ૨૦

રતનપર નગરીનો રાજા અગ્રસેન. તેની માનીતી રાણી કનકકુમારી. તેને રાજાએ જન્મદિવસે નવલખા હારની ભેટ આપી.

થોડાક માસ બાદ રાણી કનકકુમારી પોતાની દાસીઓ સાથે વનવિહાર કરવા ગઈ. ત્યાં નિર્મળ જળનું સરોવાર જોઈ તેણે એક દાસીને પોતાનો નવલખો હાર અને કિંમતી વસ્ત્રાભૂષણ સાચવવા આપી અન્ય દાસીઓ સાથે નહાવા પડી.

ઝાડ પર બેસેલી વાંદરીને નવલખો હાર ગમી ગયો. દાસી ઝોલા ખાતી હતી ત્યારે તે ચોરીને ઝડની બખોલમાં સંતાડી પોતે ભાગી ગઈ.

દાસીને હારની ચોરી થઈની જાણ થતા તેણે બુમાબુમ કરી મૂકી. સૈનિકોએ આસપાસ તપાસ કરી તો એક ઘરડો કઠિયારો મળ્યો. તેને ચોર સમજીને ઢીબી નાંખ્યો. કઠીયારાએ ડરથી પૂજારીનું નામ આપ્યું. પૂજારી જંગલમાંના શિવાલયે રોજ પૂજા કરવા આવતો. સૈનિકોએ પૂજારીને ખોખરો કર્યો. પૂજારીએ ડરથી જંગલમાંથી પસાર થતી નર્તકીનું નામ આપ્યું. સૈનિકાએએ નર્તકીને ઢીબી નાખી. પણ હાર ન મળ્યો. તેથી કઠિયારો, પૂજારી, નર્તકીને રાજા સામે હાજર કર્યા. રાજાએ તેમને કેદમાં પૂરાવ્યા.

રાજાનો મંત્રી બુદ્ધિશાળી હતો. તેને લાગ્યું આ ત્રાણે નિર્દોષ લાગે છે. ફક્ત ડરથી બીજાના નામ આપ્યા છે. તે પેલા સરોવર પાસે ગયા. નિરીક્ષણ કર્યું, તેને પેલી વાંદરી દેખાઈ. તે ટગર ટગર મંત્રી તરફ જોઈ રહી હતી.

મંત્રીને એક યુક્તિ સુઝી. તેણે ખોટા મોતાની માળાઓ અને વાંદરીઓને મંગાવી. દરેકના ગળામાં તે મોતીની માળા પહેરાવી. ઝાડ પર છોડી દીધી. બધી વાંદરીઓ હાર પહેરીને હરકાતી હતી.

(અનુ.૩૯ ઉપર)

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## ૫ ડિસેમ્બર - શ્રી અરવિન્દ મહાસમાધિ દિનઃ

૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ શ્રી અરવિન્દે તેમના સ્થૂલ પાર્થિવ દેહમાં સમાધિ ધારણ કરી દેહને ચિન્મય દેહમાં રૂપાંતરિત કર્યો છે. શ્રી અરવિન્દના આ ચિન્મય દેહને તા.૯ ડિસેમ્બરના રોજ શ્રી અરવિન્દ આશ્રમના પ્રાંગણમાં સ્થુલ સમાધીમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. આ બન્ને દિવસો કેવી રીતે પસાર કરવા જોઈએ તે અંગે એક સાધકે શ્રી માતાજીને પ્રશ્ન કર્યો હતો. જેના પ્રત્યુત્તરમાં શ્રી માતાજી જણાવે છે :

''૫ અને ૯ ડિસેમ્બરે મૃત્યુ શું છે તેની સમજણ કેળવવામાં પસાર કરવા જોઈએ.''

મૃત્યું શું છે ? તે સમજવા માટે આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતા મદદરૂપ થાય છે.

''નાસતો વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ।

ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્વનયોસ્તત્વદર્શિભિઃ॥

(ગીતા : અ. ૨.-શ્લોક : ૧૬)

અસત્‌ની સતા (ભાવ) વિદ્યમાન નથી સત્‌નો અભાવ નથી. તત્વજ્ઞાની પુરુષોએ આ બન્નેયનું તત્વ જોયું છે અર્થાત્ અનુભવ્યું છે.

આ શ્લોકમાં યોગેશ્વર શ્રી કૃષ્ણ સમજાવે છે કે શરીર જન્મ પહેલા પણ ન હતું અને મૃત્યુ પછી પણ નહીં રહે એટલે શરીર ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણેય કાળમાં અસ્તિત્વરૂપે રહેતું નથી. એટલે કે શરીર અસત્ છે. શરીર અસત્ હોઈ આ જીવનમાં શરીરની સત્તા નથી. એટલે જ શરીર સનાતન કાળમાં અસ્તિત્વ ધરાવતું નથી.

જે સત્ છે તેનો ક્યારે અભાવ થતો નથી. સત્ એટલે ત્રણેય ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં અસ્તિત્વ ધરાવે છે. અર્થાત્ દેહનો જન્મ થયો ન હતો ત્યારે દેહી

(આત્મા) અસ્તિત્વમાં હતો. દેહ જન્મ ધારણ કરે છે ત્યારે આત્મા (દેહી) અસ્તિત્વ ધરાવે છે. દેહ જ્યારે મૃત્યુ પામશે ત્યારે પણ આત્મા તો અસ્તીત્વ ધરાવશે. એટલે કે દેહી ત્રણેય કાળમાં અપરિવર્તનશીલ રહે છે. તેથી તે સત્ છે. સત્‌ને સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે.

'જે વસ્તુ ખરેખર અસ્તિત્વમાં છે તે કદી નાશ પામતી નથી, તેનો અભાવ થતો નથી. જે વસ્તુ અસત્ છે તે સત્ થઈ શકતી નથી. અસ્તિત્વમાં આવી શકતી નથી. આત્મા 'સત' હોઈ, અસ્તિત્વમાં 'છે' એટલે એની સત્‌તાનો અંત આવી શકતો નથી. આ 'છે' અને 'નથી' અર્થાત્ 'સત' અને 'અસત્'નું સમાધાન આપણને ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે આપણે એક અવિનાશી આત્મા માત્ર 'સત' છે અને એણે જ આ સઘળું જગત વિસ્તારેલું છે એનો સાક્ષાત્કાર કરીએ. જ જ્ઞાનીઓ ગણાય છે તેમને આ સાક્ષાત્કારનું સત્ય દર્શન થયું હોય છે.

(શ્લો. ૧૬ : ગીતા. ની. ૭૩)

દેહ અને દેહીના અસ્તિત્વને સમજવા માટે આપણને આપણા તહેવારો મદદરૂપ થાય છે. આ મદદરૂપ થતા તહેવારમાં ગણશ ચતુર્થી મુખ્ય છે.

ગણેશ ચતુર્થીના તહેવાર દરમ્યાન આપણે આપણે ચતુર્થીના દિને ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરીએ છીએ. આ મૂર્તિને આપણે દશ દિવસ સુધી પૂજીએ છીએ, આરાધીએ છીએ. દશ દિવસ બાદ ચૌદસના દિને જે મૂર્તિનું લાલન પાલન કર્યું હતું, તે મૂર્તિનું ઉલ્હાસપૂર્ણ વાતાવરણમાં વિસર્જન કરીએ છીએ. આપણે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરીએ છીએ ગણેશજીનું નહીં.

આ ઉત્સવ આપણને સમજાવે છે કે જેનું સર્જન થયું છે તેનું વિસર્જન છે. ભક્તો ગણેશની મૂર્તિનું સર્જન કરે છે, ગણેશનું નહીં. ભક્તો ગણેશનું સર્જન કરતા ન હોય એટલે ગણેશનું વિસર્જન થતું નથી. આથી ગણેશ ઉત્સવમાં ગણેશની આરાધના સનાતન કાળથી થતી આવે છે.

મૂર્તિનું સર્જન થતું હોવાથી મૂર્તિનું વિસર્જન થાય છે. વિસર્જન એટલે મૃત્યુ. જીવના કિસ્સામાં જીવના દેહનું વિસર્જન (મૃત્યુ) થાય છે. જીવના આત્માનું નહીં. આ સત્ય સમજવામાં આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતા મદદદરૂપ થાય છે.

''ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા વા ન ભૂયઃ।
અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે॥''

(ગીતા : અઃ૨ શ્લોક ૨૦)

આ આત્મા કોઈ પણ કાળમાં જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી, તેમજ ઉત્પન્ન થઈને ફરીથી ઘવાવાળો નથી. આ આત્મા નિત્ય નિરંતર રહેવા વાળો, શાશ્વત અને અનાદિ છે. શરીરના હણાવા છતાં પણ આત્મા હણાતો નથી.

આ શ્લોક દ્વારા યોગેશ્વર શ્રી કૃષ્ણ સમજાવે છે કે જે રીતે શરીરનું સર્જન થાય છે તે રીતે શરીરી (આત્મા) કદિ કોઈ પણ સમયે સર્જાતો નથી. આત્મા તો અનાદિ છે, ભગવાને આ આત્માને પોતાનો અંશ બતાવતા એને સનાતન સંબોધ્યો છે.

''મમૈવાંશોજીવલોકે જીવભૂતઃ સનાતનઃ''

(ગીતાઃઅઃ૧૫ઃશ્લોકઃ૭)

આત્માની સનાતનતા સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે,


''આ આત્મા કાંઈ જન્મના બંધનમાં આવ્યો નથી. એ તો એ જ છે અને એ કાંઈ મરણ પામતો નથી. યા આમા કોઈ એવી વસ્તુ નથી જે એક જીવનમાં આવે છે અને પછી અલોપ થઈ જાય છે, યા તો વિનાશ પામે છે. વળી, એ ફરીથી જીવનમાં પ્રગટ થાય છે એમ પણ નથી. જે નિત્ય છે, શાશ્વત છે, તે હણાતા શરીરમાં પોતે હણાતું નથી.''

(શ્લો.૨૦ : ગીતા નિબંધ - ૭૪)

શ્રી કૃષ્ણ અને શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ દેહનું મૃત્યુ થાય છે દેહી (આત્મા)નું નહીં.

૫ અને ૯ ડિસેમ્બરે આપણે મૃત્યુની સમજણ પામી સંકલ્પ કરીએ કે આપણે દેહ નથી પરંતુ પરમાત્માના અંશરૂપ આત્મારૂપે આ જગતમાં આવ્યા છીએ. આ જગતમાં આપણી અભિવ્યક્તિ દેહરૂપે વ્યક્તિગત નહીં, પરંતુ આત્મા રૂપે પરમાત્માની અભિવ્યક્તિરૂપ બની રહે એવી કરૂણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ.... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

He knew the source from which his spirit came:
Movement was married to the immobile vast,
He pluged his roots into the infinite,
He based his life upon Eternity.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-34)

## વિશાળતા અને સનાતનતાનો પાયો

તે હવે સમજી ચૂક્યો, ક્યાંથી તેનો આત્મા ઉદ્‌ભવ્યો,
પોતાની સક્રિયતાને તેણે, ગોઠવી અવિચળ અસીમ ક્ષેત્રમાં,
પોતાનાં પ્રેરણાસ્રોત રોપ્યાં, પેલી અગાધ અસીમતા મહિ,
ને પાયો પોતાના જીવન તણો, તેણે નાખ્યો સનાતનતા મહિ.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુરાશ્રમ - સંન્યાસાશ્રમ

(જીવન : ૭૬-૧૦૦ વર્ષ)

આશ્રમ પણ ત્યાગે હવે, રહે અનિકેત બની,
ઘરબાર - સગાસંબંધી વિના, વિચરે એકાકી રહી.
નિતદિન એ સાધના કરે, ન કર્મકાંડનો આધાર,
આંતરિક આલોકે વસે, જ્યાં પ્રભુ - હાજરીનો પ્રભાવ.
અધ્યાત્મ - સમજણ આપીને, લોકોને સાધનાપથ ચિંધે,
વનૌષધિઓ આપીને, રોગ - નિવારણ પણ કરે.
કોઈ ગામની પારે વાસ કરે, સંધ્યા ટાણે એ,
દિન આખો ભ્રમણ કરે, જ્યાં પ્રભુ ઈચ્છા દોરે.
કાર્યનો ન કર્તા બને, ન ભોક્તા પણ બને એ,
પ્રભુને જ કર્તાભોક્તા કરે, પોતે કરણ બની રહે.
વિચાર, ભાવ, કર્મો, ગોઠવે, યોગ્ય સ્થાને જેનું જે,
તેને જ કહે 'સમં ન્યાસં' તેથી જ સંન્યાસી એ.
પ્રભુ - પ્રકાશને સંકલ્પ થકી, તે સક્રિય કરે કદા,
આપત્તિનું નિવારણ કરે, લોકોની સર્વદા.
આ બાબત મૌન રહે, ન ઉચ્ચારે અહંકારનાં વેણ,
કારણ તે કાર્ય પ્રભુ જ કરે, એ નિષ્ઠા એની બધે.
અખંડ મૌનમાં રહે, પણ આંતર - અનુભૂતિનો પ્રવાહ,
ગુપ્તગંગાના વહેણ વહે, ને પ્રભુ - તાદાત્મ્યનો ભાવ.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક — www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો — www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત